eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 375
October 17, 2014

## સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા બાબતઃ–

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહેર

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે સપ્ટેમ્બર ૨૦૧૪ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી હંગેનો અહેવાલ :–

સ્મીમેર હોસ્પીટલમાં માહે સપ્ટેમ્બર ૨૦૧૪ દરમ્યાન ૪૭૫૨ ઈન્ડોર તથા ૪૬૭૫૭ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૨૨૧૦ તથા ૬૩૭ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૧૦૪૨૪ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૫૮૪ અને જુના ૨૫૩૪

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૦/૧૦/૨૦૧૪ થી તા.૧૨/૧૦/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છેઃ–

આરોગ્ય વિભાગ દ્વારા ૭૫૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૨૪૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૧,૩૫૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૨૩૪૭૮ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૩૭૧૯ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## "સ્વચ્છ ભારત અભિયાન"
## તા.૧૩/૧૦/૨૦૧૪ (સવારે ૧૧:૦૦ કલાક થી બપોરે ૧:૦૦ કલાક સુધીની કામગીરી):–

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહરે માર્ગ

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ તથા એન્જીનીરીંગ વિભાગ દ્વારા 'સ્વચ્છ ભારત અભિયાન' સંદર્ભે આદરેલી સફાઈ ઝુંબેશની અખબારી યાદીઃ–

સાઉથ વેસ્ટ (અઠવા)ઝોનમાં 'સ્વચ્છ ભારત અભિયાન' અંતર્ગત મા.કમિશ્નરશ્રી તેમજ ડે.કમિશ્નરશ્રી હાજરીમાં આજરોજ તા.૧૪/૧૦/૧૪ના રોજ ઘોડ દોડ રોડ ખાતે આવેલ સરેલાવાડી કોમ્પલેક્ષ તથા સૂર્યકિરણ

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા જાહેર આરોગ્ય વિભાગ
## "સ્વચ્છ ભારત અભિયાન"
## તા.૧૩/૧૦/૧૪ (સાંજે ૫:૦૦ થી ૭:૦૦) અને તા.૧૪/૧૦/૧૪ (સવારે ૧૧:૦૦ થી ૧:૦૦) સુધીની કામગીરી

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહરે માર્ગ

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૫/૧૦/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છેઃ–

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૬૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩૮,૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૧૦૮૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૮૭૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

# ખેલ મહાકુંભ–૨૦૧૪

## તા.૦૫/૧૦/૨૦૧૪ થી તા.૧૫/૧૦/૨૦૧૪

સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે ''ખેલ મહાકુંભ ૨૦૧૪''નું આયોજન તા.૦૪/૧૦/૨૦૧૪ થી તા.૨૨/૧૧/૨૦૧૪ દરમ્યાન કરવામાં આવેલ છે.

સુરત શહેરમાં **સુરત મહાનગરપાલિકાની ઝોન કક્ષાના** રાંદેર, સેન્ટ્રલ, ઉધના, લિંબાયત, વરાછા, કતારગામ, અમરોલી, અઠવા, અને ડુમસ સાથે કુલ ૯ સ્પોર્ટસ ઝોન વિસ્તારમાં તા.૦૯/૧૦/૨૦૧૪ના રોજ રમાયેલ વોલીબોલ સ્પર્ધામાં ભાઈઓ–૨,૩૪૦ અને બહેનો–૬૬૭ મળી કુલ–૩,૦૦૭ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

શહેર કક્ષાની સીધી રમતો પૈકી તા.૦૯/૧૦/૨૦૧૪ ના રોજ રમાયેલ હોકી, ચેસ, યોગાસન અને કુસ્તીની સ્પર્ધાઓમાં ભાઈઓ–૨૩૦ અને બહેનો–૧૫૬ મળી કુલ–૩૮૬ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. હવે પછી **તા.૧૧/૧૦/૨૦૧૪ થી તા.૧૩/૧૦/૨૦૧૪ દરમ્યાન શહેર કક્ષાની સીધી રમતોની સ્પર્ધા નીચેના સ્થળોએ યોજાશે.**

| ક્રમ | રમતનું નામ | વયગૃપ | તારીખ | | સ્પર્ધા સ્થળ અને ફોન નંબર |
|---|---|---|---|---|---|
| | | | ભાઈઓ | બહેનો | |
| ૧ | ટેબલટેનિસ | અબવ–૧૬,૪૫ અને ૬૦ | ૧૧/૧૦/૧૪ | - | સ્પોર્ટસ કોમ્લેક્ષ, અડાજણ, સુરત. |
| | | | - | ૧૧/૧૦/૧૪ | વનિતા વિશ્રામ, અઠવાલાઈન્સ,સુરત. |
| ૨ | હોકી | અંડર–૧૩ | ૧૨/૧૦/૧૪ | ૧૨/૧૦/૧૪ | એલ.પી.સવાણી સ્પોર્ટસ કોમ્લેક્ષ, ભાઠા, સુરત. |
| ૩ | ફુટબોલ | અબવ–૧૬ | ૧૧/૧૦/૧૪ થી ૧૨/૧૦/૧૪ | | ભાણકી સ્ટેડિયમ, મોરાભાગળ, રાંદેર સુરત. |
| ૪ | લોનટેનીસ | અં–૧૩,૧૬ | ૧૧/૧૦/૧૪ | ૧૧/૧૦/૧૪ તમામગૃપ બહેનો | બીગસર્વ એકેડેમી ડુમ્મસ રોડ, સુરત. |
| ૫ | હેન્ડબોલ | અંડર–૧૬<br>અબવ–૧૬ | ૧૧/૧૦/૧૪<br>૧૨/૧૦/૧૪ | ૧૧/૧૦/૧૪<br>૧૨/૧૦/૧૪ | ટી.જી.બી.ગ્રાઉન્ડ, અડાજણ, સુરત. |
| ૬ | બાસ્કેટબોલ | અંડર–૧૩<br>અંડર–૧૬ | ૧૧/૧૦/૧૪<br>૧૨/૧૦/૧૪<br>૧૩/૧૦/૧૪ | ૧૧/૧૦/૧૪<br>૧૨/૧૦/૧૪ | સેંટઝેવિયર્સ, ઘોડદોડ રોડ, સુરત. |
| | | અબવ–૧૬ | ૧૩/૧૦/૧૪ | ૧૨/૧૦/૧૪ | દિલ્હી પબ્લિક સ્કુલ, ડુમસ રોડ, સુરત. |
| ૭ | સ્વીમીંગ | તમામગૃપ | ૧૩/૧૦/૧૪ | ૧૩/૧૦/૧૪ | વીર સાવરકર તરણકુંડ, અડાજણ. |
| ૮ | શુટીંગબોલ | અબવ–૧૬<br>અબવ–૪૫ | ૧૧/૧૦/૧૪<br>૧૨/૧૦/૧૪ | - | તારા વિદ્યામંદિર, ભાઠેના, સુરત. |
| ૯ | વોલીબોલ | અંડર–૧૩,૧૬<br>અબવ–૧૬ | ૧૨/૧૦/૧૪<br>૧૩/૧૦/૧૪ | ૧૧/૧૦/૧૪ થી ૧૩/૧૦/૧૪<br>૧૩/૧૦/૧૪ | નગર પ્રાથમિક શાળા નં.–૮,૯, મજુરા ગેટ, સુરત. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦ | ખો–ખો | અંડર–૧૩ | ૧૩/૧૦/૧૪ | ૧૩/૧૦/૧૪ | મહાનગરપાલિકાનું સ્ટેડિયમ વિજયનગર–૨, પાંડેસરા. |

**તમામ રમતો સવારે ૭.૩૦ કલાકથી શરૂ થશે. જેથી રજીસ્ટર્ડ થયેલ તમામ સ્પર્ધકોએ જે તે રમતના સ્થળે સમયસર હાજર રહેવા તથા શહેરની રમતપ્રેમી જાહેર જનતાને સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહેવા વિનંતી.**

**વધુમાં ઝોન કક્ષા તથા શહેર કક્ષાની રમાનાર રમતો તથા મેદાનોની માહિતી સહિતનો વિગતવાર કાર્યક્રમ સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ** www.suratmunicipal.gov.in **અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરતની વેબ સાઈટ** www.deosurat.com **પરથી મળી શકશે.**

**TOP**

૫૯૩

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૬૪(ડુંભાલ–મગોબ),ફા.પ્લોટ નં.૩૩ માં આવેલ જયભવાની ઈન્ડસ્ટ્રીયલના પ્લોટ નં.૪૪,૪૫ માં મિલ્કતદાર તરફથી ચોથામાળે આશરે ૬૫૦ ચો.ફુટ માપવિસ્તારમાં રહેણાંક માટે ચણતરકામ સહિતનું બાંધકામ કરવામાં આવેલ. જે અન્વયે અત્રેથી ધી.બી.પી.એમ.સી એકટ–૧૯૪૯ ની કલમ ૨૬૮ હેઠળ વસવાટ ખાલી કરવા અંગેની નોટીસ આપવામાં આવેલ. જે તા.૧૦/૧૦/૧૪ ના રોજ અત્રેના ઝોનના શહેર વિકાસ,દબાણ સ્ટાફ મારફત સ્થળ પરથી દૂર કરવા ડિમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ.

તેમજ સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૩૯(ઉધના–લિંબાયત) સર્વે નં. ૭,માં આવેલ મહાપ્રભુનગરના પ્લોટ નં. ૯/સી,૯/ડી માં ત્રીજામાળ પર આશરે ૧૫' × ૨૪' માપવિસ્તારનું ગેરકાયદેસર બાંધકામ તા.૧૦/૧૦/૧૪ ના રોજ અત્રેના ઝોનના શહેર વિકાસ,દબાણ સ્ટાફ મારફત સ્થળ પરથી દૂર કરવા ડિમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ. તેમજ મિલ્કતદાર પાસેથી ૧૦૦૦૦/– ડીમોલીશન ચાર્જ વસુલ કરવામાં આવેલ.

TOP

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૯/૧૦/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૬૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૩,૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૧૦૧૯ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૭૮૧ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૬૬ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૫૬ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા.૩૧,૬૮,૧૧૬/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા.૮,૫૭,૭૭૦/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની અરજી ૮૩ મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૫,૦૧,૫૩૨/– ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસમાંથી રૂા.૭૯,૬૦૦/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે.

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં. ૩૫ (કતારગામ), ફા.પ્લોટ નં.૨૯ માં આવેલ મધુવન સોસાયટી ના સબ પ્લોટ નં ૧૮,૧૯,૨૦ માં અગાઉ તા.૧૦/૦૫/૨૦૧૪ ના રોજ ડીમોલીશન કરવામાં આવેલ. જેમાં હાલમાં ફરીથી કામગીરી / રીપેરીંગ કરતા હોવાનું ધ્યાને આવતા આજે તા.૧૦/૧૦/૨૦૧૪ નાં રોજ ગ્રા.ફલોર + બે માળનું આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચરનું ડીમોલીશન કરેલ બિલ્ડીંગમાં ૭૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. કોલમ, બીમ, સ્લેબ સહિતનું બાંધકામ જમીનદોસ્ત કરવામાં આવેલ છે. સદર કામગીરીમાં કતારગામ ઝોન, રાંદેર ઝોન, શહેર વિકાસ સ્ટાફ , દબાણ સ્ટાફ, તમામ ડે.ઈજનેરશ્રીઓ, સીકયુરીટી સ્ટાફ તથા ચોક બજાર પોલીસ સ્ટેશનના સ્ટાફ સહિત પાંચ જે.સી.બી. મશીન તથા ખાનગી ઈજારદારોના માણસોને સાથે રાખી કામગીરી કરાવવામાં આવેલ છે.

TOP

૫૯૫

## સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા બાબતઃ–

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહેર માર્ગ ઉપર સરેઆમ કચરો ફેંકતા હોવાનું ધ્યાને આવેલ છે. જેથી "સ્વચ્છ સુરત, સુંદર સુરત" ની છબી બગડવા ન પામે તે હેતુસર, "સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત આગામી તા.૧૩ ઓકટોબર ૨૦૧૪ થી ૧૮ ઓકટોબર ૨૦૧૪ સુધીના સમયગાળા દરમ્યાન સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ હાથ ધરી ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહીં? તે અંગેની દિવાળી પહેલાંની પ્રથમ તબકકાની ચકાસણી કરવાની ઝુંબેશ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવનાર છે. જે અન્વયે દરેક ઝોન દીઠ ૨૦ ટીમ (દરેક ટીમમાં ૦૨ સભ્યો) દ્વારા દરરોજ સવારે ૧૧:૦૦ કલાક થી ૧:૦૦ કલાક તથા સાંજે ૫:૦૦ કલાક થી ૭:૦૦ કલાક દરમ્યાન કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ કરવામાં આવનાર છે. દર્શાવેલ સમયગાળા દરમ્યાન અંદાજીત ૦૨(બે) લાખ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ કરવાનું આયોજન મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ છે. આ ચેકીંગ દરમ્યાન જે સંસ્થાઓ / દુકાનોમાં ડસ્ટબીન ન હશે તો, તેવી સંસ્થાઓ / દુકાન ધારકો પાસેથી નિયમોનુસાર વહીવટી ચાર્જની રકમ વસુલાત કરવામાં આવશે. આ કામગીરી અંગે સુરત મહાનગરપાલિકાને પુરતો સહકાર આપવા, જાહેર જનતા તથા તમામ કોમર્શીયલ સંસ્થા / દુકાન ધારકોને નમ્ર અપીલ છે.

TOP

## માહે સપ્ટેમ્બર ૨૦૧૪ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી હંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે સપ્ટેમ્બર ૨૦૧૪ દરમ્યાન ૪૭૫૨ ઈન્ડોર તથા ૪૬૭૫૭ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૨૨૧૦ તથા ૬૩૭ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૧૦૪૨૪ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૫૮૪ અને જુના ૨૫૩૪ દર્દીઓ સહિત કુલ ૩૧૧૮ દર્દીઓને તપાસવામમાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૨૯૦ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીજીયોથેરાપી વિભાગમાં કુલ ૧૦૨૬ તથા આંખ વિભાગમાં ૨૬૧૮ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૭૦૫૫ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતુ. ગરીબ તથામધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

૫૯૭

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૦/૧૦/૨૦૧૪ થી તા.૧૨/૧૦/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૭૫૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૨૪૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૧,૩૫૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૨૩૪૭૮ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૩૭૧૯ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૯૮ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૮૪ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા.**૬૩,૮૦,૯૨૭/–** વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા.**૧૯,૬૬,૧૧૧/–** વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની અરજી ૧૩૮ મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે **રૂા. ૧૮,૭૩,૧૬૦/–** ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી **રૂા.૪૭,૨૦૦/–** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે.

તા.૧૩/૧૦/૨૦૧૪ થી તા.૧૮/૧૦/૨૦૧૪ સુધી કોર્મશીયલ / દુકાનોનુ ચેકીંગ હાથ ધરી,ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહી તેની ચકાસણી કરવાની ઝુંબેશ પૈકી આજરોજ તા.૧૩/૧૦/૨૦૧૪ નાં રોજ સવારના સમય દરમ્યાન કતારગામ દરવાજાથી અનાથ આશ્રમ સુધીનાં આજુબાજુના વિસ્તારનાં ડસ્ટબીન ન રાખેલ / ગંદકી કરનાર સંસ્થાઓનું ૨૨ ટીમો દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવેલ જેમાં આરોગ્ય વિભાગ દ્વારા ૫૭૭ સંસ્થાઓનુ ચેકીંગ કરી તે પૈકી ૪૧૯ સંસ્થાઓને નોટીસ આપવામાં આવેલ. ૨૦૧ સંસ્થામાં ડસ્ટબીન ન માલમ પડતાં સ્થળ પર રૂા. ૩૮,૫૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. તેમજ આ ઝુંબેશ દરમ્યાન વ્યવસાય વેરા અંગે ૪૭૩ સંસ્થાઓની ચકાસણી કરી ૨૬૧ સંસ્થાઓને વ્યવસાય વેરો ન ભરવાના કારણે નોટીસ આપવામાં આવેલ છે. જેના કારણે રૂા. ૨૭,૫૦,૦૦૦/– ની વ્યવસાય વેરા પેટે વસુલાત થયેલ છે.

TOP

૫૯૮

રાંદેરઝોનના  કાર્યક્ષેત્રમાં મે.કમિશનરશ્રી ની સુચના મુજબ  આરોગ્ય વિભાગના સ્ટાફ તથા ઈજનેરી વિભાગ દવારા સમગ્ર વિસ્તારમાં તા.૮/૧૦/૧૪ ના રોજ અડાજણ ગામ આર્ઝીસ સર્કલ થી ગુજરાત ગેસ સર્કલ થી આનંદમહલ રોડ, કૃષ્ણનગર રોડ, સરદાર સર્કલની આજુબાજુનો વિસ્તારમાં કુલ ૦૫ ટીમ મુકી તળિયાઝાટક સાફ સફાઈ તથા રુટમાં આવતા બે કન્ટેનર ૧. મામાવાડ અને ૨.સુંદરવન પાસે ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવી જંતુનાશક પાવડર નો છંટકાવ કરાવેલ. સદર સ્ટાફ દવારા સ્કોડ બનાવી અડાજણપાટિયા વોર્ડ વિસ્તારમાં કચરો કચરાપેટીમાં નાંખવા અંગેનો પ્રચાર કરાવી વિસ્તારમાં કોમર્શીયલ કોમ્પલેક્ષ તથા ધંધાકીય સંસ્થાઓ ૧૨૦ ચેક કરેલ. જે પૈકી ડસ્ટબીન ન રાખનાર સંસ્થા ૫૯  પાસેથી રુા.૭૪૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરી ખામી જણાયેલ ૬૧ સંસ્થાને નોટીસ આપેલ.

ઈજનેરી  વિભાગના સ્ટાફ દવારા ત્રિનીટી સર્કલ, એલ.પી.સવાણી સર્કલ, સરકારી પ્લોટ, પાલ સી.એન.જી સર્કલ વેસ્ટર્નપાર્ક પાસે, પાલનપુર જકાતનાકા, ટેકરાવાળા સ્કુલની સામે, અડાજણ સી.એન.જી. સામેનો વિસ્તારમાંથી  ૬૮ લારીઓનું દબાણ હટાવી રુા.૬૫૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ.

TOP

૫૯૯

"સ્વચ્છ ભારત અભિયાન"

તા.૧૩/૧૦/૨૦૧૪ (સવારે ૧૧:૦૦ કલાક થી બપોરે ૧:૦૦ કલાક સુધીની કામગીરી)

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહરે માર્ગ ઉપર સરેઆમ કચરો ફેંકતા હોવાનું ધ્યાને આવેલ છે. જેથી "સ્વચ્છ સુરત, સુંદર સુરત" ની છબી બગડવા ન પામે તે હેતુસર, "સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત આગામી તા.૧૩ ઓકટોબર ૨૦૧૪ થી ૧૮ ઓકટોબર ૨૦૧૪ સુધીના સમયગાળા દરમ્યાન સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ હાથ ધરી ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહીં? તે અંગેની દિવાળી પહેલાંની પ્રથમ તબકકાની ચકાસણી કરવાની ઝુંબેશ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ છે. જે અન્વયે **તા.૧૩/૧૦/૨૦૧૪નાં રોજ સવારે ૧૧:૦૦ કલાક થી બપોરે ૧:૦૦ કલાક** સુધી શહેરના તમામ ઝોન મળી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

**(૧) સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** રેલ્વે રીઝર્વેશન થી ચોપાટી ગેટ સુધી, ભાવિક કોમ્પ., ટર્નીંગ પોઈન્ટ ઘોડદોડ રોડ, ઉમરા રોડ થી સરગમ શોપીંગ સેન્ટર, નવું ભટાર ઉધના મગદલ્લા રોડ, આઝાદ નગર રોડ, પીપલોદ ગામ મેઈન રોડ, રાહુલ રાજ મોલ, વી.આર.મોલ, સોમેશ્વર સ્કેવર, અભિષેક પાર્ક, વેસ્ટર્ન પોઈન્ટ, યુનીવરસીટી રોડ વિસ્તારો મળી કુલ ૧૮૫૭ સંસ્થાઓ /દુકાનો ચેક કરવામાં આવી, જે પૈકી ૧૬૬૨ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનું તથા ૧૯૫ સંસ્થાઓમાં ડસ્બીન મુકવામાં આવેલ ન હોવાનું જણાયેલ. આ કામગીરી દરમ્યાન રૂા.૨૧,૨૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

**(૨) નોર્થ (કતારગામ) ઝોન**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** કતારગામ દરવાજા થી બાલાશ્રમ સર્કલ સુધી બંને બાજુ, કતારગામ દરવાજા થી "ખાખી ચા" થી કુબેર નગર–૧નો સમગ્ર વિસ્તાર, પારસ પોલીસ ચોકીથી કુબંરનગર ટી.પી. રોડ પારસ કન્ટેનરથી ખાડીરોડ, પટેલ પાનના ગલ્લાથી કુબેર નગર – ૨ અને ઉદય નગર–૨ ની અંદરનો વિસ્તાર. જયોતિ સોસા. થી ઓફિસ થી ગાયત્રી સર્કલ થી અંબિકાનગર રોડ, હનુમાનજીના મંદિર સુધી, નિર્મળ પાર્ક કન્ટેનર થી હેલ્થ સેન્ટર રોડ બાલાશ્રમ સુધી, જેરામ મોરાની વાડી (અંદરનો વિસ્તાર) દાનગીગેવ સોસા. થી જલારામ સોસા. સુધી કતારગામ મેઈન રોડ, નિર્મળા પાર્ક કન્ટેનરથી ચિકુવાડી રોડ મણીબા સોસા. સુધીનો વિસ્તારો મળી કુલ ૫૭૭ સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૩૭૬ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનું તથા ૨૦૧ સંસ્થાઓમાં ડસ્બીન મુકવામાં આવેલ ન હોવાનું જણાયેલ. આ કામગીરી દરમ્યાન કુલ રૂા.૨૧,૨૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

**(૩) સાઉથ–ઈસ્ટ (લિંબાયત) ઝોન**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** ઉમરવાડા(૧)– ૮૦ ફૂટ રોડ કિન્નરી સામેથી ભાઠેના નહેર જમણી તથા ડાબી બાજુ, ઉમરવાડા (૨) – સાલાસર ગેટ થી મહાવીર માર્કેટ થઈ સાંઈ દર્શન માર્કેટ સુધી તથા જે.આર. હાઉસ થી સાગર માર્કેટ, મગોબ – શ્રમજીવી રોડ, સોનીયા નગર, રાજીવ નગર, મીઠી ખાડી – ખાડી પુલ થી વોર્ડ ઓફિસ સુધી ૮૦ ફૂટ મેઈન રોડ બંને સાઈડ તથા મીઠી ખાડી વોર્ડ ઓફિસ થી ડોકટર હાઉસ સુધી બંને સાઈડ, લિંબાયત – ડોકટર હાઉસથી નીલગીરી સર્કલ બંને તરફ, ઉધના યાર્ડ – નિલગીરી સર્કલ થી હરીઓમ ચોક, ડિંડોલી (૧) – રામાયણ પાર્કથી જકાતનાકા સુધી, જકાતનાકા પે એન્ડ યુઝ આર.ડી.નગર સુધી, ડિંડોલી (૨) – ડબલ ફાટક રામી પાર્ક અને મહાદેવ નગર – ૩ અને ૪ સામેનો વિસ્તાર, ગોડાદરા – ગોડાદરા પોલીસ ચોકીથી બસ સ્ટેન્ડ થી માન સરોવર સોસા. તથા ઘનશ્યામ નગર, સ્વામીનારાયણ નગર, ધીરજ નગર ૧–૨, પરવટ – પરવટ પાટીયા થી માધવ બાગ વિસ્તારો મળી ૧૧૪૭ સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૭૬૮ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હતી. જયારે ૩૭૯ સંસ્થાઓમાં ડસ્બીન મુકવામાં આવેલ ન હોવાનું જણાયેલ. આ કામગીરી દરમ્યાન રૂા.૩૮,૭૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

**(૪) વેસ્ટ (રાંદેર) ઝોન**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** નવયુગ કોલેજ થી ધબકાર સર્કલ થઈ જીલાની કોમ્પ. થઈ કોઝ વે સુધી, ધબકાર સર્કલ થી ભુલકા ભવન રોડ બંને સાઈડ, ભુલકા ભવન થી હજીરાજકાતનાકા બંને સાઈડ, સ્ટાર બજાર થી ડી.ટી. ફાર્મ બંને સાઈટ, સરદાર સર્કલથી રૂષભ ચાર રસ્તા સુધી કૃષ્ણનગર રોડ, ગુજરાત ગેસ કંપની થઈ અડાજણ ગામતળ, રંગીલા પાર્ક રોડ, ડી માર્ટ થઈ ટી.જી.બી. સુધી, પાલન પુર પાટીયા ગણેશ મંદિર મંદિર થી આશીર્વાદ સોસા. મેઈન રોડ, સોના હોટલથી કોર્ટયાક નગર નાકા સુધી,

રોટલા પીર દરગાહ થી સ્નેહ સંકુલવાડી, બેઝનવાલા કોમ્પ. થી સના કોર્નર થી મેરૂલક્ષ્મી મંદિરની આજુ બાજુનો વિસ્તાર, પાલનપુર જકાતનાકા થી સાંઈ તીર્થ એપાર્ટ. તથા પાલ રોડ, પાલનપુર પાટીયાથી મોરા ભાગળ રોડ થી સારોલી બ્રીજ સુધી, વરીયાવ ગામતળ અને સાયણ ચેક પોસ્ટ થઈ સુએઝ પંપીગ થઈ બાપા સીતારામ ચોક, સોના હોટલથી ડભોલી બ્રીજ, પ્રાઈમ માર્કેટ થી એલ.પી.સવાણી રોડ, થી ડી.ટી. ફાર્મ સુધી, પાલનપુર પાટીયાથી ફ્રેન્ડસ કલાસીસ થી વોર્ડ ઓફિસ થઈ સરોજીની નાયડુ સર્કલ સુધીના વિસ્તારો મળી ૧૫૪૪ સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૧૨૧૬ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હતી. જયારે ૩૨૮ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હતી. આ કામગીરી દરમ્યાન રૂા.૩૮,૦૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

**(૫) સેન્ટ્રઝોન**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** અઠવાગેટ જોલી પ્લાઝા કોમ્પ., રત્ન સાગર સ્કુલ પાસે કાંજીનું મેદાન, રૂસ્તમપુરા મેઈન રોડ, કાશી પ્લાઝા, ભાજી વાળી રોડ, નવસારી બજાર, હાફેસજી ગલી, તથા રાજ માર્ગ થી એક બાજુ ભાગળ ચાર રસ્તા દાળીયા શેરી સુધી, રતન સિનેમા રોડ, પીપરડી શેરી, માળીની વાડી, દાણાપીઠ શેરી, રીંગરોડ, સ્વર્ણિમ સર્કલ થી સહારા દરવાજા સુધી, દાણાપીઠ, ભાગળ ચાર રસ્તા થી રૂવાળા ટેકરા સુધી, મહિધરપુરા હીરાબજાર, વરીયાવી બજાર મેઈન રોડ તેમજ વેડ દરવાજા મેલન રોડ, રામપુરા મેઈન રોડ થી લાલ દરવાજા ચાર રસ્તા થઈ રામબાગ સુધી, ગોપીપુરા મેઈન રોડ, કોટસફીલ રોડ, ચોક બજાર, રાજ માર્ગ, કમાલગલી, રાજ માર્ગ, વોર્ડ ઓફિસ રોડ વિસ્તારો મળી ૧૦૧૪ સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૮૪૫ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હતી. જયારે ૧૬૯ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હતી. આ કામગીરી દરમ્યાન રૂા.૨૫,૭૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

**(૬) સાઉથ (ઉધના) ઝોન**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** સાઉથઝોનના ખટોદરા વોર્ડ, ઉધના સંઘ વોર્ડ, મીરાનગર વોર્ડ, વિજયા નગર વોર્ડ, પાંડેસરા વોર્ડ, બમરોલી વોર્ડ, ભેસ્તાન વોર્ડ, ઉન વોર્ડ તથા વડોદ વોર્ડ ના વિવિધ વિસ્તારો મળી કુલ ૧૨૮૭ સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૧૦૨૦ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનું તથા ૨૨૫ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હોવાનું જણાયેલ, આ પૈકી ૪૨ દુકાનો બંધ હોવાનું માલમ પડેલ. આ સમગ્ર કામગીરી દરમ્યાન રૂા.૪૩,૪૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

**(૭) ઈસ્ટ (વરાછા) ઝોન**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** ભકતેશ્વર મંદિર થી લેન્ડમાર્ગ તથા ભકતેશ્વર મંદિર થી મગોબ નહેર સી.એન.જી પેટ્રોલ પંપ, પુણા ઓફિસ થી સીલ્વર ચોક સુધી, સીતાનગર થી અંજલી ખાડી, બી.આર.ટી.અસ. થી સામેટધામ સુધી, સીલ્વર ચોકથી આમ્રકુંજ પાણીની ટાંકી આજુબાજુનો વિસ્તાર, વોટર વર્કસ ખાડી પુલ થી ગજાનંદ કોમ્પ., વેલકમગેટ થી વાલક પાટીયા, લાભેશ્વર થી ૧૫૦ ફુટ સુધીનો વિસ્તાર, આઈ માતા રોડ થી સમર્થ પાર્ક, સહરા દરવાજા થી ગુ. હા. બોર્ડ સુધી, ઓરબીટ ટાવર, ટીન ટાવર, મોમાઈ કોમ્પલેક્ષ, બોમ્બે માર્કેટ, મારૂતી સુઝુકી શો રૂમ અને કોમ્પલેક્ષ તાપ્તી ગંગા માર્કેટ, ગાર્ડન મીલના દરવાજા તેમજ વિવેકાનંદ ઝુપડ પટ્ટી, બોમ્બે માર્કેટની આજુ બાજુનો સમગ્ર વિસ્તાર, સુર્યપુર ગરનાળા થી વૈશાલી હેલ્થ સેન્ટર થી ઉપલ ટાવર થી સંદેશ પ્રેસ રોડ, જુની ફુલ માર્કેટની આજુ બાજુનો વિસ્તાર, રેલ્વે ગરનાળા થી પોદાર આર્કેટ થઈ ખારવા ચાલ પ્લેટ ફોર્મ નં.૪ સુધી, હરે કૃષ્ણ કો. તક્ષશિલા એ.પાર્ટ. સુધી, મીની બજાર થી ચૌદગાળા સુધી, બરોડા પ્રિસ્ટેજ થી મોહન નગર, પેટ્રોલ પંપ થી સારથી કોમ્પ., હેલ્થ સેન્ટર રોડ સુધીનો સમગ્ર વિસ્તાર, રેલ્વે ગરનાળા થી રામનગર રોડ તેમજ ભવાની રોડ, વસંત ભીખાની વાડી થી લાભેશ્વર સુધીના વિસ્તારો મળી ૧૪૦૭ સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૧૧૮૦ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હતી. જયારે ૨૨૭ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હતી. આ કામગીરી દરમ્યાન રૂા.૨૬,૨૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

**આમ, તા.૧૩/૧૦/૨૦૧૪નાં રોજ સવારે ૧૧:૦૦ કલાક થી બપોરે ૧:૦૦ કલાક સુધીની કામગીરી દરમ્યાન, તમામ ઝોન મળી ૮૮૩૩ સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૭૦૬૭ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનુ અને ૧૭૨૪ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હોવાનું જણાયેલ. કામગીરી દરમ્યાન કુલ રૂા.૨,૩૧,૭૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.**

**TOP**

# ખેલ મહાકુંભ–૨૦૧૪

## તા.૦૫/૧૦/૨૦૧૪ થી તા.૧૫/૧૦/૨૦૧૪

સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર પ્રેરિત સુરત મહાનગરપાલિકાના અને જિલ્લા રમત ગમત સુરત શહેરના સંયુકત ઉપક્રમે ''ખેલ મહાકુંભ ૨૦૧૪''નું આયોજન તા.૦૪/૧૦/૨૦૧૪ થી તા.૨૨/૧૧/૨૦૧૪ દરમ્યાન કરવામાં આવેલ છે. જે અંતર્ગત સ્પેશ્યલ ખેલમહાકુંભ–૨૦૧૪ની ફિઝીકલ હેન્ડીકેપ, બ્લાઈંડ અને સ્પેશ્યલ ઓલિમ્પીકસના ખેલાડીઓનો રમતોત્સવ તા.૧૨/૧૦/૨૦૧૪ થી તા.૧૫/૧૦/૨૦૧૪ દરમ્યાન નગર પ્રાથમિક શાળા નં.૮,૯, મજુરાગેટ, સુરત ખાતે આયોજન કરવામાં આવેલ છે. જેનો ઉદઘાટન સમારોહ તા.૧૨/૧૦/૨૦૧૪ના રોજ સવારે ૯.૦૦ કલાકે મા.ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયાના અધ્યક્ષ સ્થાને નગર પ્રાથમિક શાળા નં.૮,૯ના મેદાન ખાતે યોજાયો હતો. પ્રથમ દિવસે એથ્લેટીકસ, સાયકલીંગ, બોચી, વોલીબોલ અને બાસ્કેટબોલ રમતોમાં ૯૦૦થી પણ વધુ રમતવીરોએ ભાગ લીધો હતો. આગામી તા.૧૪ અને ૧૫ ઓકટોબર ૨૦૧૪ના રોજ યોજાનાર વિવિધ રમતોમાં ૧૨૦૦થી પણ વધુ સ્પર્ધકો ભાગ લેનાર છે. આમ રાજય સરકાર વિકલાંગ સ્પર્ધકોને રમત ગમત ક્ષેત્રે પ્રોત્સાહન આપવા માટે વર્ષોવર્ષ અલાયદુ આયોજન કરી રહી છે.

સુરત શહેરમાં **સુરત મહાનગરપાલિકાની ઝોન કક્ષાના** રાંદેર, સેન્ટ્રલ, ઉધના, લિંબાયત, વરાછા, કતારગામ, અમરોલી, અઠવા, અને ડુમસ સાથે કુલ ૯ સ્પોર્ટસ ઝોન વિસ્તારમાં તા.૦૫/૧૦/૨૦૧૪ થી તા.૧૦/૧૦/૨૦૧૪ દરમ્યાન રમાયેલ શુટીંગબોલ, રસ્સાખેંચ, યોગાસન, કબડ્ડી, ચેસ, એથ્લેટીકસ, વોલીબોલ અને ખો–ખો સ્પર્ધામાં ભાઈઓ–૧૧,૨૦૩ અને બહેનો–૬,૪૮૫ મળી કુલ– ૧૭,૬૮૮ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

શહેર કક્ષાની સીધી રમતો પૈકી તા.૧૦ અને ૧૧ ઓકટોબર ૨૦૧૪ના રોજ રમાયેલ વિવિધ રમતોમાં ભાઈઓ–૧,૨૫૬ અને બહેનો–૫૫૭ મળી કુલ–૧,૮૧૩ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. હવે પછી **તા.૧૪/૧૦/૨૦૧૪ થી તા.૧૬/૧૦/૨૦૧૪ દરમ્યાન શહેર કક્ષાની સીધી રમતોની સ્પર્ધા નીચેના સ્થળોએ યોજાશે.**

| ક્રમ | રમતનું નામ | વયગૃપ | તારીખ | | સ્પર્ધા સ્થળ અને ફોન નંબર |
|---|---|---|---|---|---|
| | | | ભાઈઓ | બહેનો | |
| ૧ | ટેકવેન્ડો | તમામગૃપ<br>ફાઈનલ રાઉન્ડ | ૧૪/૧૦/૧૪<br>૧૬/૧૦/૧૪ | ૧૪/૧૦/૧૪<br>૧૬/૧૦/૧૪ | કોમ્યુનિટી હોલ, અડાજણ, સુરત. |
| ૨ | કબડ્ડી | અં.–૧૩,૧૬,<br>અબવ–૧૬<br>તમામગૃપ | ૧૪/૧૦/૧૪<br>૧૬/૧૦/૧૪ | ૧૫/૧૦/૧૪<br>૧૬/૧૦/૧૪ | સુરત મહાનગરપાલિકા પાર્ટીપ્લોટ ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત. |
| ૩ | ખો–ખો | અંડર–૧૬<br>અબવ–૧૬ | ૧૪/૧૦/૧૪<br>૧૫/૧૦/૧૪ | ૧૪/૧૦/૧૪<br>૧૬/૧૦/૧૪ | મહાનગરપાલિકાનું સ્ટેડિયમ વિજયનગર–૨, સુમનશાળા–૧,૬ની વચ્ચેનું મેદાન, પાંડેસરા. |
| ૪ | એથ્લેટીકસ | અં.૧૧,૧૩,૧૬<br>અબવ–૧૬ | ૧૪/૧૦/૧૪ | ૧૫/૧૦/૧૪ | સેંટઝેવિયર્સ, ઘોડદોડ રોડ, સુરત. |

તમામ રમતો સવારે ૭.૩૦ કલાકથી શરૂ થશે. જેથી રજીસ્ટર્ડ થયેલ તમામ સ્પર્ધકોએ જે તે રમતના સ્થળે સમયસર હાજર રહેવા તથા શહેરની રમતપ્રેમી જાહેર જનતાને સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહેવા વિનંતી.

વધુમાં ઝોન કક્ષા તથા શહેર કક્ષાની રમાનાર રમતો તથા મેદાનોની માહિતી સહિતનો વિગતવાર કાર્યક્રમ સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરતની વેબ સાઈટ www.deosurat.com પરથી મળી શકશે.

TOP

**તા.૦૬.૧૦.૨૦૧૪ થી તા.૧૨.૧૦.૨૦૪ સુધીમાં** સાઉથઝોન(ઉધના) ના **ઈજનેર વિભાગ ઘ્વારા ગૃડા** એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૯૪૦** ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ **૨૬૭** ફાઈલના **રૂા.૩૨.૫૧ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–**૧૩૯ લો**કેશન(ખાડા)**૨૬૨૫.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૧૭૧.૫૫૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૫૧** લોકેશન (ખાડા) **૧૦૮૦.૦૦ ર.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.**કુલ–૩૦** લોકેશન **૧૧૦૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે.,**કુલ–૧૩૧** વરસાદી જાળિયા સફાઈ તથા **૪૫** મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ છે., રોડ પૈકીના દબાણ હેઠળ કુલ **:૪૦** લારી ગલ્લા ઉપાડવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ઘ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા :**૧૫૩** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **:૫૯૧** છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૨૩૧.૮૧** લાખ થયેલ છે.તથા **વ્યવયાસ વેરા વિભાગ ઘ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૫૭.૬૨** લાખ થયેલ છે.,**૪૪** EC તથા **૨૯** RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૪૭૩૩/–** વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂા.૮૩૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.,**૪૭** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૮૨** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ઘ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ**૨૭૮૬** છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ**૭૩૬** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :**૧૨૭૦.૬૦૦** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ**૩૧૩** છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ **રૂા.૪૯૧૫૦/–** છે.તથા **વી.ડી.સી. વિભાગ ઘ્વારા** કુલ :**૬૮૭૮૪** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ**૧૬૨૭૮૨** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ **૪૫૫** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ**૮૭૩૦** કરવામાં આવેલ છે. જયારે **૨૫૫** નોટીસ આપવામાં આવેલ છે. વહીવટી ખર્ચઃ **રૂા.૧૩૭૦૦/–** વસુલ કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ તથા એન્જીનીરીંગ વિભાગ દ્વારા 'સ્વચ્છ ભારત અભિયાન' સંદર્ભે આદરેલી સફાઈ ઝુંબેશની અખબારી યાદીઃ–

સાઉથ વેસ્ટ (અઠવા)ઝોનમાં 'સ્વચ્છ ભારત અભિયાન' અંતર્ગત મા.કમિશ્નરશ્રી તેમજ ડે.કમિશ્નરશ્રી હાજરીમાં આજરોજ તા.૧૪/૧૦/૧૪ના રોજ ઘોડ દોડ રોડ ખાતે આવેલ સરેલાવાડી કોમ્પલેક્ષ તથા સૂર્યકિરણ કોમ્પલેક્ષની ડસ્ટબીન તેમજ આરોગ્યલક્ષી ઘનિષ્ઠ ચેકીંગ કરવામાં આવેલ જે દુકાનદારો તેમજ ઈસમો દ્વારા પેસેજમાં કચરો નાંખી ગંદકી નીચે મુજબના દુકાનદારો તેમજ ઈસમો સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

| અ.નં. | સંસ્થાનું નામ | વહીવટી વસૂલાત |
|---|---|---|
| ૧. | ગોલ્ડન ટાઈમ (સૂર્ય કિરણ કોમ્પ.) | ૨૦૦૦/– |
| ૨. | વર્ધમાન મેડીકલ (સરેલાવાડી કોમ્પ.) | ૧૫૦૦/– |
| ૩. | શ્રી સ્ટેશનરી (સરેલાવાડી કોમ્પ.) | ૧૦૦૦/– |
| ૪. | વિધિ ક્રિએશન (સૂર્ય કિરણ કોમ્પ.) | ૩૦૦૦/– |
| ૫. | ગૌ ગ્રીન વેજીટેબલ (સરેલાવાડી કોમ્પ.) | ૪૦૦૦/– |
| | કુલ | ૧૧,૫૦૦/– |

TOP

# સાઉથ ઝોન (ઉધના)માં તા.૧૪/૧૦/૨૦૧૪ના રોજ ડિમોલેશન કરવાની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

સાઉથ ઝોન (ઉધના)માં એડી. સીટી ઇજનેરશ્રી સુચના અન્વયે અને કાર્યપાલક ઇજનેરશ્રીની માર્ગદર્શન હેઠળ નીચે મુજબના સ્થળે ડિમોલેશનની કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી. સ્કિમ નં ૦૨ (ઉધના) ફા.પ્લોટનં ૮૭-૮૮માં આવેલ સોનલ ઇન્ડસ્ટ્રીયલ સોસાયટીના પ્લોટનં-૩૪૬/ડી તથા ૯/એ માં ઇન્ડસ્ટ્રીયલ હેતુસર ગ્રાઉન્ડ ફ્લોર પર બાંધકામ શરૂ કરવામાં આવેલ. જે અત્રેથી ધ્યાને આવતા સદર બાંધકામ બંધ કરવામાં આવેલ તથા માલસામન જપ્ત કરવામાં આવેલ. સદર બાંધકામ સક્ષમ સતાની મંજુરી વગરનું હોય. અત્રેની કચેરી દ્વારા તા.૦૪/૧૦/૨૦૧૪ના રોજ મનાઇ હુકમ તથા કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ. જે સંદર્ભે મિલકતદાર દ્વારા ખુલાસો રજુ કરવામાં ન આવતા અત્રેની કચેરી દ્વારા આજ રોજ તા. ૧૪/૧૦/૨૦૧૪ના રોજ આશરે ૨૮૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી સ્લેબ, બીમ, કોલમ, તથા ચણતરકામ સહિતનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી સાઉથ ઝોન (ઉધના) તથા સાઉથ ઇસ્ટ ઝોન (લિંબાયત) ઝોનના શહેર વિકાસના સ્ટાફ તથા દબાણ સ્ટાફ તથા જેસીબી મશીનની મદદથી કરવામાં આવેલ છે.

**TOP**

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૩૯(ઉધના–લિંબાયત),ફા.પ્લોટ નં.૯/બી માં આવેલ મહાપ્રભુનગર ના પ્લોટ નં. ૯/બી માં ત્રીજામાળ પર મિલ્કતદાર તરફથી કરવામાં આવેલ આશરે ૪૦'×૩૫' ના માપવિસ્તારમાં એન્ગલ પતરાનો શેડ તા.૧૪/૧૦/૧૪ ના રોજ સ્થળ પરથી દુર કરવામાં આવેલ. તેમજ મિલ્કતદાર પાસેથી ૨૦૦૦૦/– ડીમોલીશન ચાર્જ વસુલ કરવામાં આવેલ.

વધુમાં ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૩૯(ઉધના–લિંબાયત),ફા.પ્લોટ નં.૩૧/એ માં આવેલ મારૂતીનગરના પ્લોટ નં. ૧૯૦,૧૯૧ માં ત્રીજામાળ પર મિલ્કતદાર તરફથી કરવામાં આવેલ આશરે ૨૮'×૪૫' ના માપવિસ્તારના સેન્ટરીંગ શટરીંગ તા.૧૪/૧૦/૧૪ ના રોજ સ્થળ પરથી દુર કરવામાં આવેલ. તેમજ મિલ્કતદાર પાસેથી ૧૦૦૦૦/– ડીમોલીશન ચાર્જ વસુલ કરવામાં આવેલ.

TOP

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૩/૧૦/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૫૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩૧,૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૦૨૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૦૬૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૮ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૨ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા.૪૫,**૩૩,૬૯૯/–** વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા.૫,૮૫,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની અરજી ૧૬૪ મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે **રૂા.૯,૦૭,૫૧૨/–** ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી **રૂા.૧,૧૯,૯૦૦/–** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૭૪ લારી જપ્ત કરવામાં આવેલ છે.

તા.૧૩/૧૦/૨૦૧૪ થી તા.૧૮/૧૦/૨૦૧૪ સુધી કોર્મશીયલ / દુકાનોનુ ચેકીંગ હાથ ધરી, ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહી તેની ચકાસણી કરવાની ઝુંબેશ પૈકી આજરોજ તા.૧૩/૧૦/૨૦૧૪ નાં રોજ સાંજના તેમજ તા.૧૪/૧૦/૨૦૧૪ ના રોજ સવારના સમય દરમ્યાન વેડ દરવાજાથી નાની બહુચરાજીથી વેડ રોડ ઈન્ડ. એસોશીએશનની ઓફીસ સુધીના સમગ્ર ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં ડસ્ટબીન ન રાખેલ / ગંદકી કરનાર સંસ્થાઓનું ૨૨ ટીમો દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવેલ જેમાં આરોગ્ય વિભાગ દ્વારા **૧૧૭૨ સંસ્થાઓનુ ચેકીંગ કરી તે પૈકી ૯૩૩ સંસ્થાઓને નોટીસ આપવામાં આવેલ. ૪૫૮ સંસ્થામાં ડસ્ટબીન ન માલમ પડતાં સ્થળ પર રૂા.૯૩,૨૦૦/–** વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. તેમજ આ ઝુંબેશ દરમ્યાન વ્યવસાય વેરા અંગે ૧૧૭૨ સંસ્થાઓની ચકાસણી કરી ૫૭૫ સંસ્થાઓને વ્યવસાય વેરો ન ભરવાના કારણે નોટીસ આપવામાં આવેલ છે.

TOP

૬૦૬

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૦૮, કોટસફીલ રોડ, સંઘાડીયાવાડ, ગોપીપુરા, સુરત ખાતે આવેલ મિલ્કત નોંધ નં. ૮, ૨૫૪૦ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૧૧/૦૪/૨૦૧૪ થી વિકાસ પરવાનગી મેળવવામાં આવેલ. જે અન્વયે મિલ્કતદાર શ્રીમતિ નસરીનબેન જોહરભાઈ અરબ ધ્વારા ૧ થી ૩ માળ સુધી મંજુર પ્લાન વિરુધ્ધ માર્જીનની જગ્યામાં આર.સી.સી. પ્રોજેકશન કરવામા આવતાં તા.૦૮/૦૮/૧૪ થી મિલ્કતદારને અત્રેનાં વિભાગથી નોટીસ પાઠવવામાં આવેલ છે. જેનો અમલ મિલ્કતદાર ધ્વારા આજ દિન સુધી કરવામાં આવેલ ન હોય, આજ રોજ તા.૧૪/૧૦/૧૪ થી આશરે ૩૨૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. પ્રોજેકશન તથા ચણતરની દિવાલો સહિતનુ બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા જાહેર આરોગ્ય વિભાગ

## "સ્વચ્છ ભારત અભિયાન"

## તા.૧૩/૧૦/૧૪ (સાંજે ૫:૦૦ થી ૭:૦૦) અને તા.૧૪/૧૦/૧૪ (સવારે ૧૧:૦૦ થી ૧:૦૦) સુધીની કામગીરી

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહરે માર્ગ ઉપર સરેઆમ કચરો ફેંકતા હોવાનું ધ્યાને આવેલ છે. જેથી "સ્વચ્છ સુરત, સુંદર સુરત" ની છબી બગડવા ન પામે તે હેતુસર, "સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત આગામી તા.૧૩ ઓકટોબર ૨૦૧૪ થી ૧૮ ઓકટોબર ૨૦૧૪ સુધીના સમયગાળા દરમ્યાન સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ હાથ ધરી ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહીં? તે અંગેની દિવાળી પહેલાંની પ્રથમ તબકકાની ચકાસણી કરવાની ઝુંબેશ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ છે. જે અન્વયે **તા.૧૩/૧૦/૨૦૧૪ (સાંજે ૫:૦૦ થી ૭:૦૦) અને તા.૧૪/૧૦/૧૪ (સવારે ૧૧:૦૦ થી ૧:૦૦)** સુધી શહેરના તમામ ઝોન મળી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

**(૧) સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** કેર હોસ્પિ. થી અંબિકાનિકેતનના ગેટ સુધી, ઓલપાડી મહોલ્લા થી અભિનંદન એ.સી. માર્કેટ, અંબાજી મહોલ્લો, મીશન રોડ, ગોકુલમ ડેરી, તનીય શોપીંગ થી વેસ્ટફીલ શોપીંગ, શીવ સ્મૃતિ ઘોડદોડ રોડ, સુર્ય કિરણ એપાર્ટ., પોર્લે પોઈન્ટ તથા સામેના શોપીંગ સેન્ટર, સરગમ શોપીંગ સેન્ટર, સીટી લાઈટ શોપીંગ સેન્ટર, ભગવતી આશિષ, સ્કેવર પોઈન્ટ, સોસીયો સર્કલથી નવજીવન સર્કલ થી ભટાર ચાર રસ્તા, અલથાણ ટેનામેન્ટ માર્કેટ રોડ, અલથાણ મેઈન રોડ, આગમ આર્કેટ વેસુ, ગૌરવપથ રોડ, વાય જંકશનથી ઓ.એન.જી.સી. બ્રીજ, શારદા યતન રોડ, ઈન્દ્રલોક કોમ્પ., ગવીયર ગામ, પનાસ EWS કવાર્ટસ, અંબાનગર મેઈન રોડ, જોલી શોપીંગ પોઈન્ટ, રાજહંસ પ્લાઝા, મિલાપ રોડ, કેનાલ રોડ, રાજ મંદિર કોમ્પ. વિગેરે વિસ્તારો મળી કુલ ૩૬૪૯ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૩૪૩૭ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનું તથા ૨૧૨ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હોવાનું જણાયેલ. આ કામગીરી દરમ્યાન રૂા.૩૭,૩૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

**(૨) નોર્થ (કતારગામ) ઝોન**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** વેડ દરવાજા થી પંડોળ બાજુ થી રોયલ પ્લાઝા સુધી, વેડ દરવાજા થી મંગલ ગ્રુપ સોસા., સંત જલારામ રોડ થઈ પ્રાણનાથ શોપિંગ સુધી, બહુચર નગર કન્ટેનર થી નિર્મળા પાર્ક કન્ટેનર સુધી, હરીઓમ સોસા., પ્રભુ નગર – ૧, કુબેર પાર્ક સોસા., ધ્રુવ તારક સોસા., દરબાર નગર, વિજય નગર–૨, પ્રાણનાથ સોસા., પંડોળ–ગેટ–૧ ફટાકડા વાડી રોડ, પંડોળ ગેટ નં.–૨, અટલજી નગર સુધી, નાની બહુચરાજી મંદિર થી રહેમત નગર ત્રણ રસ્તા સુધી, રહેમત નગર કન્ટેનર થી અટલ નગર પે એન્ડ યુઝ થઈ ફટાકડા વાડી રાજીવ નગર, અનંદ નગર, પાંચપીરની દરગાહ, દુર્લભ ઈન્ડ. થી રીવરવ્યુ ટી. પી. રોડ થઈ પાકીઝા ઈન્ડ. થઈ શાબરી નગર, નહેરૂનગર ઝુપડપટ્ટી, રીવર વ્યુ સોસા., રોયલ ઈન્ડ., પટેલ ઈન્ડસ્ટ્રીઝ ૧ થી ૪ (કારખાના અને તમામ બેકરી) ગુરૂ કૃપા ઈન્ડ., પ્રભુ દર્શન ઈન્ડ., તાપી – તાપી તૃપ્તી ઈન્ડ., ધન કુબેર ઈન્ડ., શિવમ ઈન્ડ., નિલકંઠ ૪–૫, સહયોગ ૧ થી ૩, ઈશ્વરમોતી ૧ થી ૨, નંદનવન સોસા., પ્રભુનગર–૨, વિનયનગર–૨, ક્રિષ્ણા ઈન્ડ., રોયલ પ્લાઝા સિત ઈન્ડ., ઉર્મિ ઈન્ડ., રામેશ્વર ઈન્ડ., ભંગારવાડાની દુકાનો સહિત તથા ભરીમાતા મંદિર થી અમૃતભાઈની વાડી સુધી ભંગારવાળા રોડ વિસ્તારો મળી કુલ ૧૧૭૨ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૭૧૪ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનું તથા ૪૫૮ દુકાનો / સંસ્થાઓમાં ડસ્બીન મુકવામાં ન આવેલ હોવાનું જણાયેલ. આ કામગીરી દરમ્યાન કુલ રૂા.૯૩,૨૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

**(૩) સાઉથ–ઈસ્ટ (લિંબાયત) ઝોન**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** ઉમરવાડા(૧)– ૮૦ ફૂટ રોડ ભાઠેના નહેર થી ઉધના સંઘ પુલ સુધી ઉમરવાડા (૨) – સાલાસર ગેટ થી મહાવીર માર્કેટ થઈ સાંઈ દર્શન માર્કેટ સુધી, મિલેનીયમ માર્કેટ, કમેલા રોડ, મગોબ – શ્રમજીવી રોડ, સોનીયા નગર, આશા નગર, આનંદ નગર, સત્યમ એપાર્ટ. સિધ્ધિ વિનાયક, મીઠી ખાડી – ખાડી પુલ થી વોર્ડ ઓફિસ સુધી, મિઠીખાડી જુનો રોડ, લિંબાયત – ડોકટર હાઉસથી નીલગીરી સર્કલ બંને તરફ, ઈદગાહ રોડ ચંદા ડેરી સુધી, ઉધના યાર્ડ – નિલગીરી સર્કલ થી હરીઓમ ચોક, ગોડાદરા હેલ્થ સેન્ટર, જલારામ નગર ન.પ્રા.શાળા, ડિંડોલી (૧) – રામાયણ પાર્કથી જકાતનાકા સુધી, આર.ડી.નગર, કૈલાસ નગર, ડિંડોલી (૨) – ડબલ ફાટક રામી પાર્ક અને મહાદેવ નગર – ૩ અને ૪ સામેનો વિસ્તાર, ડીંડોલી મેઈન રોડ જકાતનાકા થી

ડીંડોલી બસ સ્ટોપ સુધી, ગોડાદરા – ગોડાદરા પોલીસ ચોકીથી બસ સ્ટેન્ડ થી માન સરોવર સોસા., પ્રિયંકા રોડ શકિત વિજય સોસા., કુબેર નગર થી કેશવ નગર, શકિત વિજય સોસા. થી રોશની નગર, પરવટ – પરવટ પાટીયા થી માધવ બાગ, વોર્ડ ઓફિસ થી અંબાવાડી સુધી વિસ્તારો મળી ૨૬૯૨ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૨૦૩૧ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હતી. જયારે ૬૬૧ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં ન આવેલ હોવાનું ધ્યાને આવેલ. આ કામગીરી દરમ્યાન કુલ રૂા.૬૫,૪૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

**(૪) વેસ્ટ (રાંદેર) ઝોન**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** નવયુગ કોલેજ થી ધબકાર સર્કલ થઈ જીલાની કોમ્પ. થઈ કોઝ વે સુધી, ધબકાર સર્કલ થી ભુલકા ભવન રોડ બંને સાઈડ, ભુલકા ભવન થી હજીરા જકાતનાકા બંને સાઈડ, સ્ટાર બજાર થી ડી.ટી. ફાર્મ, સરદાર સર્કલથી રૂષભ ચાર રસ્તા, ડી માર્ટ થી આત્મનપાર્ક થઈ "એન માર્ટ" સુધી, પાલનપુર પાટિયાથી તાડવાડી ક્રોસીંગ કોટયાર્ક નગર, મેરૂલક્ષ્મી મંદિરની આજુ બાજુનો વિસ્તાર, પાલનપુર જકાતનાકા થી સાંઈ તીર્થ એપાર્ટ., પાલનપુર પાટીયાથી જકાતનાકા, ઝુલેલા મંદિરથી મોરા ભાગળ રામનગર માર્કેટ, જહાંગીરપુરા, સરોલી બ્રીજ ભેંસાણ રોડ, ઉગત વિસ્તાર તાળવાડી વિસ્તાર, પાલનપુર પાટીયા થી જકાતનાકા થી એલ.પી. સવાણી સુધીના રોડ થી ડી.ટી. ફાર્મ, ભૂમિ કોમ્પલેક્ષથી પ્રથમ રો હાઉસ થી સુરભી ડેરી રોડ સુધીના વિસ્તારો મળી ૩૦૦૫ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૨૪૭૨ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હતી. જયારે ૫૩૩ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હતી. આ કામગીરી દરમ્યાન કુલ રૂા.૬૧,૮૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

**(૫) સેન્ટ્રઝોન**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** કાજીનું મેદાન, ચોક બજાર, ગાંધીબાગ, શનિવાર બજાર, અઠવાગેટ સ્ટેટ બિલ્ડીંગ, મજુરાગેટ, રાજેશ્રી મેઈન રોડ, તલવાડી રોડ, ઝાંપા બજાર મેઈન રોડ, નવાપુરા કરવારોડ, રતન સિનેમા રોડ, માળીની વાડી, ચેલી શેરીના નાકે થી ચોપારા શેરીના નાકા સુધી, બેગમપુરા મેઈન રોડ થી વેડ દરવાજા, ગુલામબાબ કંપાઉન્ડ થી મોહન મીઠાઈ, સ્ટેશન સ્કેવર, કોટસફિલ રોડ, બરાનપુરી ભાગળ, રાજ માર્ગ, પાણીની ભીંત, ભાગાતળાવ, વરીયાવી બજાર વિસ્તારો મળી ૧૧૦૮ સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૮૮૯ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનું તથા ૨૧૯ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હોવાનું જણાયેલ. આ કામગીરી દરમ્યાન કુલ રૂા.૩૧,૩૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

**(૬) સાઉથ (ઉધના) ઝોન**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** ઉધના દરવાજા થી મેઈન રોડ, જીવન જયોત સિનેમા મેઈન રોડ, ઉધના સંઘ રોડ નં.૯–૧૦–૧૧–૧૨, દિવ્ય ભાસ્કર મેઈન રોડ, મીરા નગર, ઝોન ઓફિસ રોડ, દાગીના નગર, દાઉદ નગર, શાંતિ નગર, નાથુભાઈ ટાવર, વિકાસ કોલોની, બી.આર.સી. મેઈન રોડ, પ્રભુનગર, પાંડેસરા મેઈન રોડ, પાંડેસરા હાઉસીંગ મેઈન રોડ, ભેસ્તાન EWS H 15 આવાસ તથા મેઈન રોડ, પત્રકાર કોલોની સર્કલ, ગોવાલક ઓફિસ રોડ, ભેસ્તાન શાકભાજી માર્કેટ, ગામતળ વિસ્તારો મળી કુલ ૨૩૨૩ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૧૮૩૨ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનું તથા ૩૨૨ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં ન આવેલ હોવાનું જણાયેલ, આ ઉપરંત કુલ ૧૬૯ દુકાનો બંધ જણાયેલ. આ સમગ્ર કામગીરી દરમ્યાન કુલ રૂા.૪૪,૯૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

**(૭) ઈસ્ટ (વરાછા) ઝોન**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** પુણા પાટીયા થી મગોબ નહેરની બંને સાઈડ તથા ભગુભાઈની વાડી, કલ્યાણનગર થી કારગીલ ચોક, ચેક પોસ્ટ થી સીતાનગર બંને સાઈડ અને આજુ બાજુનો વિસ્તાર, વનમાળી સોસા. થી મહાવીર ખાડી સુધીનો સમગ્ર વિસ્તાર, સી.એન.જી. ખાડી પુલ ચીકુવાડી થી છાપરા પેડાં સુધી, ડીસ્પોઝેબલ રોડ, કાપોદ્રા પોલીસ ચોકી થી વિરાટ સોસા., સંતોષી નગર માર્કેટ થી અંજના ખાડી, સંતોષી નગર માર્કેટ થી અંજના ખાડી સુધી, સમર્થ પાર્ક થી આઈ માતા રોડ, જોલી એન્ડલેવ, ટાંકણી ફળીયું, સુરભી કોમ્પ., દિવ્ય વસુધંરા ધનામીલ કન્ટેનર, મહેસાણા બેન્કનો ખાંચો, ગીતાંજલી પાછળ, મહાદેવ સ્વામીનગર રોડ, રેલ્વે પોલીસ આવાસ થી આર્શીવાદ કો., યશ પ્લાઝા, જોલી હોટલ તેમજ આજુબાજુનો વિસ્તાર, તક્ષશિલા એપા. થી નીજાનંદ સોસા., ચૌદગાળાની ભાતની વાડી સુધી, વલ્લભનગર થી પેટ્રોલ પંપ સુધી, ડોકટર હાઉસ થી હીરાબાગ સર્કલ સુધી, સુર્યનગર ચાર રસ્તા થી શ્રેયસ સ્કુલ સુધી, માતાવાડી સર્કલ થી રંગ અવધૂત ચાર રસ્તા થઈ કમો પાર્ક સુધીના વિસ્તારો મળી ૪૨૬૩ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૩૭૫૧ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હતી. જયારે ૫૧૨ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હતી. આ કામગીરી દરમ્યાન કુલ રૂા.૫૫,૯૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

આમ, તા.૧૩/૧૦/૨૦૧૪ (સાંજે ૫:૦૦ થી ૭:૦૦) અને તા.૧૪/૧૦/૧૪ (સવારે ૧૧:૦૦ થી ૧:૦૦) સુધીની કામગીરી દરમ્યાન, તમામ ઝોન મળી ૧૮,૨૧૨ સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૧૫,૧૨૬ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનુ

અને ૨,૯૯૭ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં ન આવેલ હોવાનું જણાયેલ. આ સમગ્ર કામગીરી દરમ્યાન કુલ રૂા.૩,૮૯,૮૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. જે પૈકી સાઉથ–વેસ્ટ ઝોનમાં આવેલ વર્ધમાન મેડીકલ (સરેલાવાડી કોમ્પ.) પાસેથી રૂા.૧૫૦૦/–, શ્રી સ્ટેશનરી (સરેલાવાડી કોમ્પ.) પાસેથી રૂા.૧૦૦૦/–, ગૌ ગ્રીન વેજીટેબલ (સરેલાવાડી કોમ્પ.) પાસેથી રૂા.૪૦૦૦/–, વિધી ક્રિએશન (સુર્યકિરણ કોમ્પ.) પાસેથી રૂા.૩૦૦૦/–, ધીરજ સન્સ (પાર્લે પોઈન્ટ) પાસેથી રૂા.૨૦૦૦/–, ગોલ્ડન ટાઈમ (સુર્ય કિરણ એપા.) પાસેથી રૂા.૨૦૦૦/– તથા વેસ્ટઝોન વિસ્તારમાં આવેલ સ્ટાર બજાર મોલ (અડજણ – પાલ રોડ) પાસેથી મહત્તમ રૂા.૧,૦૦૦/– વહીટી ખર્ચ વસુલ કરેલ છે.

TOP

# સાઉથ ઝોન (ઉધના)માં તા.૧૫/૧૦/૨૦૧૪ના રોજ ડિમોલેશન કરવાની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

સાઉથ ઝોન (ઉધના)માં એડી. સીટી ઇજનેરશ્રી સુચના અન્વયે અને કાર્યપાલક ઇજનેરશ્રીની માર્ગદર્શન હેઠળ નીચે મુજબના સ્થળે ડિમોલેશનની કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં મોજે ઉધના, ઉધોગનગર સંઘ, રોડનં ૦૫, પ્લોટ નં-બી-૭૯, ઉધનામાં આવેલ ઇન્ડસ્ટ્રીયલ હેતુસર ગ્રાઉન્ડ ફ્લોર પર બાંધકામ શરૂ કરવામાં આવેલ. સદર બાંધકામ સક્ષમ સતાની મંજુરી વગરનું હોય. અત્રેની કચેરી દ્વારા મનાઇ હુકમ તથા કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ. જે સંદર્ભે મિલકતદારની રજુઆતને ધ્યાને લઇ અત્રેની કચેરીએ કાર્યપાલક ઇજનેરશ્રી સમક્ષ હીઅરીંગમાં રૂબરૂમાં ચર્ચા માટે બોલાવવામાં આવેલ અને અરજદારે સદર મિલ્કતની વિકાસ પરવાનગી માટે અત્રેની કચેરીએ અરજી કરેલ તેમજ મંજુર થવા પાત્ર ભાગ સિવાયનું ગેરકાયદેસર બાંધકામ સ્વૈછિક ડીમોલેશન કરવાની લેખિત બાંહેધરી રજુ કરેલ. મિલ્કતદાર દ્વારા સદર ભાગનું ડીમોલેશન ન કરાતા અત્રેની કચેરી દ્વારા આજ રોજ તા.૧૫/૧૦/૨૦૧૪ના રોજ આશરે ૨૪૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી સ્લેબ, બીમ, કોલમ, તથા ચણતરકામ સહિતનું બાંધકામ દુર કરવાની કામગીરી ચાલુ છે.

ઉપરોક્ત કામગીરી સાઉથ ઝોન (ઉધના) તથા સાઉથ ઇસ્ટ ઝોન (લિંબાયત) ઝોનના શહેર વિકાસના સ્ટાફ તથા દબાણ સ્ટાફ તથા જેસીબી મશીનની મદદથી કરવામાં આવેલ છે.

TOP

૬૦૯

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૪/૧૦/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૯૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂ.૪૪,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૧૬૨૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૭૬૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૬૩ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૫૪ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂ.૨,૨૫૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે **રૂ.૪૦,૧૨,૪૭૨/–** વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી **રૂ.૧૩,૦૪,૧૨૫/–** વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની અરજી ૪૮ મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે **રૂ.૧૦,૪૩,૫૯૭/–** ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી **રૂ.૯૧,૩૨૦/–** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે.

તા.૧૩/૧૦/૨૦૧૪ થી તા.૧૮/૧૦/૨૦૧૪ સુધી કોર્મશીયલ / દુકાનોનુ ચેકીંગ હાથ ધરી, ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહી તેની ચકાસણી કરવાની ઝુંબેશ પૈકી આજરોજ તા.૧૪/૧૦/૨૦૧૪ નાં રોજ સાંજના તેમજ તા.૧૫/૧૦/૨૦૧૪ ના રોજ સવારના સમય દરમ્યાન પીપલ્સ ઢાળથી નંદુડોશીની વાડીના સમગ્ર વિસ્તાર, ગાયત્રી વાહન ડેપોવાળો સમગ્ર વસ્તાદેવડી રોડ તેમજ ટોરેન્ટ પાવરથી બમ્બાવાડી સુધીનો વિસ્તાર અને લાલદરવાજા મેઈન રોડથી પટેલવાડી ૧–૨–૩, ઉધાડપગાની વાડી સુધીનો સમગ્ર વિસ્તાર, કેશરબા માર્કેટથી 'એ,બી' ટેનામેન્ટનો સમગ્ર વિસ્તારમાં ડસ્ટબીન ન રાખેલ / ગંદકી કરનાર સંસ્થાઓનું ૨૩ ટીમો દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવેલ જેમાં આરોગ્ય વિભાગ દ્વારા ૯૭૨ **સંસ્થાઓનુ ચેકીંગ કરી તે પૈકી ૭૯૫ સંસ્થાઓને નોટીસ આપવામાં આવેલ. ૩૭૪ સંસ્થામાં ડસ્ટબીન ન માલમ પડતાં સ્થળ પર રૂ.૮૦,૭૦૦/–** વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. તેમજ આ ઝુંબેશ દરમ્યાન વ્યવસાય વેરા અંગે ૮૧૦ સંસ્થાઓની ચકાસણી કરી ૩૭૪ સંસ્થાઓને વ્યવસાય વેરો ન ભરવાના કારણે નોટીસ આપવામાં આવેલ છે.

TOP

૬૧૦

સુરત મહાનગરપાલિકા વિસ્તારના ટી.પી. સ્કીમ નં.: ૭ (વેસુ–મગદલ્લા) ફા. પ્લોટ નં.: ૫૧ વાળી મિલ્કતમાં તા.૦૪/૦૮/૧૦ ના ટીડીઓ/ડીપી નં.: ૧૩૧ થી બેઝમેન્ટ (પાર્કિંગ), ગ્રા. ફલોર (પાર્કિંગ) તથા ૧૦ માળના "ઓમરાજ રેસીડેન્સી" તરીકે ઓળખાતા બે હાઈરાઈઝ બિલ્ડીંગોના બાંધકામના પ્લાન મંજુર કરવામાં આવેલ. જે મંજુર પ્લાન અન્વયેના બન્ને બિલ્ડીંગોના ગ્રા. ફલોરના પાર્કિંગવાળા ભાગમાં અંદાજે ૩૭૨૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ચણતર / પ્લાસ્ટરનું બિનઅધિકૃત બાંધકામ આદેશ એન્ટરપ્રાઈઝના ભાગીદાર હસમુખભાઈ દુધાભાઈ તથા ડેવલપર રોહિતભાઈ એસ. ગાબાણી ધ્વારા શરૂ કરેલ જે બિનઅધિકૃત બાંધકામ આજ રોજ એડી. સીટી ઈજનેરશ્રીની સુચના મુજબ નગર નિયોજકશ્રીના માર્ગદર્શન મુજબ મધ્યસ્થ શહેર વિકાસ ખાતાના સ્ટાફ ધ્વારા દુર કરવામાં આવેલ છે. જેમાં કોન્ટ્રાકટરના માણસોની પણ મદદ લેવામાં આવેલ છે.

તેજ પ્રમાણે રૂંઢ ગામ પાસે વાસ્તુ લકઝુરીયાની પાછળના ભાગે ટી.પી. સ્કીમ નં.: ૩ (રૂંઢ) ના ફા. પ્લોટ નં.: ૫૫ + ૫૬ + ૫૮ માં તા.૦૯/૦૪/૧૦ ના ટીડીઓ/ડીપી નં.: ૫ થી હાઈરાઈઝ રેસીડેન્સીયલ પ્રકારના બાંધકામના પ્લાન મંજુર કરવામાં આવેલ. જે મુજબના "મેપલલીફ" ના નામે ઓળખાતી ઉકત મિલ્કતના બેઝમેન્ટમાં અંદાજીત ૭૦૦ ચો. ફુટ માપ વિસ્તારમાં મિલ્કતદાર મનિષાબેન વિરેનભાઈ શાહ તથા ડેવલપર વિરેન એસ. શાહ ધ્વારા ચણતર / પ્લાસ્ટરનું બિનઅધિકૃત બાંધકામ શરૂ કરેલ. જે બિનઅધિકૃત બાંધકામ પણ આજ રોજ મધ્યસ્થ શહેર વિકાસ ખાતાના સ્ટાફ ધ્વારા દુર કરવામાં આવેલ છે.

TOP

## "સ્વચ્છ ભારત અભિયાન"

## તા.૧૪/૧૦/૧૪ (સાંજે ૫:૦૦ થી ૭:૦૦) અને તા.૧૫/૧૦/૧૪ (સવારે ૧૧:૦૦ થી ૧:૦૦) સુધીની કામગીરી

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહરે માર્ગ ઉપર સરેઆમ કચરો ફેંકતા હોવાનું ધ્યાને આવેલ છે. જેથી "સ્વચ્છ સુરત, સુંદર સુરત" ની છબી બગડવા ન પામે તે હેતુસર, "સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત આગામી તા.૧૩ ઓકટોબર ૨૦૧૪ થી ૧૮ ઓકટોબર ૨૦૧૪ સુધીના સમયગાળા દરમ્યાન સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ હાથ ધરી ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહીં? તે અંગેની દિવાળી પહેલાંની પ્રથમ તબકકાની ચકાસણી કરવાની ઝુંબેશ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ છે. જે અન્વયે **તા.૧૪/૧૦/૨૦૧૪ (સાંજે ૫:૦૦ થી ૭:૦૦) અને તા.૧૫/૧૦/૧૪ (સવારે ૧૧:૦૦ થી ૧:૦૦)** સુધી શહેરના તમામ ઝોન મળી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

**(૧) સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** અભિનંદન એ.સી. માર્કેટ, ચાન્સેલર રોડ, RTO ની સામે, પી. એફ. ઓફિસ રોડ, વેસ્ટ ફીલ્ડ શોપીંગ સેન્ટર, ઘોડદોડ રોડ, સરેલા શોપીંગ સેન્ટર, ભગવતી આશિષ સીટી લાઈટ રોડ, ભટાર ચાર રસ્તાથી સોસીયો સર્કલ, સુલતાનાબાદ ભીમપોર, ભીમપોર ગામ, નવા ઓવારા રોડ, ઉધના–મગદલ્લા રોડ, આભવા વેસુ મેઈન રોડ, અગ્રવાલ સમાજન વાડી થી પટેલવાડી, અઠવા ગેટ ઓફિસ રોડ, આદર્શ પછાત વર્ગ, અંબાજી રોડ, કોર્નર પોઈન્ટ સીટી લાઈટ રોડ, વાસુદેવ હોસ્પિ. થી વિદ્યાભારતી રોડ, નવજીવન સર્કલ થી સોસીયો સર્કલ સુધી, ગીતા રેસ્ટોરન્ટ રોડ, જીવકોર નગર રોડ, ઉમાભવનની સામે માર્કેટ વિસ્તાર, પુનમ નગર રોડ, નર્મદનગર રોડ, ગવીયર ગામ, ડુમસ રોડ મેઈન રોડ, સુલતાનાબાદ, ભીમપોર, લક્ષ્મીદ્વારા શોપીંગ સેન્ટર, મીરજ કોમ્પલેક્ષ, ઘોદદોડ રોડ, આભવા ગામ વિગેરે વિસ્તારો મળી કુલ ૨૬૨૨ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૨૪૭૮ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનું તથા ૧૪૪ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હોવાનું જણાયેલ. આ કામગીરી દરમ્યાન રૂા.૧૪,૩૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

**(૨) નોર્થ (કતારગામ) ઝોન**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** પીપલ્સ ઢાળથી સી–ટેનામેન્ટ થઈ ઠાકોર દ્વાર થઈ આમ્રપાલી પાના ગલ્લા, કતારગામ રોડ સુધી, સી–ટેનામેન્ટ જલારામ લોચા થી અમીન આઈસ્ક્રીમ થઈ રાજમોતી સિનેમા થઈ સ્વામી પાનના ગલ્લા નંદુડોશી વાડી રોડ, ટોરેન્ટ પાવર ની સામેથી ખોડીયાર ચેમ્બર્સ, રજની પાન સેન્ટર થઈ નંદુડોશી વાડી થઈ લાલ બિલ્ડીંગ થઈ બંબાગાડી ચાર રસ્તા સુધી, શ્યામ માર્બલ ઢાળ થઈ, બંબાવાડી તેમજ પટેલ ઈન્ડ.ના તમામ ખાંચા સહિત તેમજ નગીના વાડી રોડ શ્રી કૃષ્ણ કોમ્પ.થી કોમ્યુનિટી રોડ સહિતનો વિસ્તાર, જુના ગાયત્રી ડેપોથી વસ્તાદેવી રોડ તેમજ જરીવાઈા કંપાઉન્ડ અને અલ્કાપુરી બ્રિજ નીચેનો વિસ્તાર, મુડદા ગેટ ગરનાળાથી ધનવંતરી કોમ્પ. થઈ પરિસર એપાર્ટ. થઈ આઈ.સી. ગાંધી શોપીંગ સેન્ટર થઈ શ્રી નિવાસ એપાર્ટ. થઈ સુમુલ ડેરી થઈ લાલા દરવાજા સુધી, કેશરબા માર્કેટ વિસ્તાર તેમજ એ– બી ટેનામેન્ટ ઝોન રોડ થઈ ઢોર ડબ્બા સુધીનો વિસ્તાર, કઢીવાલા ગ્રેઈન શોપ થઈ ડોકટર હાઉસની ગલી થી પીપલ્સ ઢાળ થઈ ગોપાલ દર્શન એપાર્ટ. થઈ પારસ પોલીસ ચોકીની સામે, ઉગાડ પગાની વાડી વિગરે વિસ્તારો મળી કુલ ૯૭૨ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૫૯૮ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનું તથા ૩૭૪ દુકાનો / સંસ્થાઓમાં ડસ્બીન મુકવામાં ન આવેલ હોવાનું જણાયેલ. આ કામગીરી દરમ્યાન કુલ રૂા.૮૦,૭૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

**(૩) સાઉથ–ઈસ્ટ (લિંબાયત) ઝોન**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** ઉમરવાડા(૧)– ૮૦ ફૂટ રોડ ભાઠેના નહેર થી ઉધના સંઘ પુલ સુધી તથા આપેશ્વરની સામેથી માનસરોવર થઈ ન્યુ આર્શીવાદ પાર્ક, ઉમરવાડા (૨) – સાલાસર ગેટ થી મહાવીર માર્કેટ થઈ સાંઈ દર્શન માર્કેટ સુધી, સુરત ટેક્ષટાઈલ્સ માર્કેટ, મગોબ – આશા નગર, આનંદ નગર, અભિલાષા એપા., આનંદ નગર, અક્ષર ટાઉનશીપ, શ્રમજીવી રોડ, સોનિયા નગર, મીઠી ખાડી – ખાડી પુલ થી વોર્ડ ઓફિસ સુધી, મિઠીખાડી જુના પુલ થી લાલ બિલ્ડીંગ સુધી, લિંબાયત – ડોકટર હાઉસથી નીલગીરી સર્કલ ચંદા ડેરી સુધી, ઈદગાહ રોડ ચંદા ડેરી સુધી, ઉધના યાર્ડ – નિલગીરી સર્કલ થી ઉધના યાર્ડ રેલ્વે ગરનાળા સુધી, ચંદા ડેરી થી નવનનગર રેલ્વે ગરનાળા, ગોડાદરા હેલ્થ સેન્ટર થી જલારામ નગર ન.પ્રા.શાળા, ડિંડોલી (૧) – આર.ડી.નગર ચાર રસ્તા થી એચ.ડી.રોડ ચાર રસ્તા, કૈલાસ નગર, નહેર ચારરસ્તા થી સી.એન.જી. પેટ્રોલ પંપ નંદનવન રોડ ખાડી સુધી, કૈલાશનગર રોડ, ડિંડોલી (૨) – ડીંડોલી મેઈન રોડ જકાતનાકા થી ડીંડોલી બસ સ્ટોપ સુધી, ગોડાદરા – ગોડાદરા પોલીસ ચોકીથી બસ સ્ટોપ સુધી,

સી.આર.પાટી જુનો રોડ બંને બાજુ, પરવટ – વોર્ડ ઓફિસ થી અંબાવાડી સુધી, ગુ.હા.બોર્ડ સાંઈ બાબા મંદિર સુધીના વિસ્તારો મળી ૨૯૪૩ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૨૩૯૬ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હતી. જયારે ૫૪૭ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં ન આવેલ હોવાનું ધ્યાને આવેલ. આ કામગીરી દરમ્યાન કુલ રૂા.૫૮,૬૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

TOP

૬૧૨

## સાઉથ ઝોન(ઉધના) વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના માટે જવાબદાર ઈન્ડસ્ટ્રીઝ, બાંધકામો તેમજ અન્ય ઈસમો પાસેથી કુલ રૂા. 38,500/- જેટલો વહીવટી ખર્ચ વસૂલ કરવામાં આવ્યો

સાઉથ ઝોન(ઉધના)ના વી.બી.ડી.સી.વિભાગ દ્વારા તા.૧૩/૧૦/૧૪ થી ૧૫/૧૦/૧૪ છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન નીચે મુજબના ઈન્ડસ્ટ્રીઝ,બાંધકામો ચેક કરતાં તેમજ ઈન્ટ્રાડોમેસ્ટિક સર્વે અને પેરાડોમેસ્ટિક સર્વે દરમ્યાન મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના જોવા મળેલ હતી તેવા સ્થળોએ જંતુનાશક દવાનો છંટકાવ કરાવી બ્રિડિંગનો નાશ કરાવવામાં આવેલ છે તેમજ નીચે મુજબ કુલ **38,500/-** જેટલો વહીવટી ખર્ચ વસૂલ કરવામાં આવેલ છે.

**ઈન્ડસ્ટ્રીઝ:–**

૧) અશ્વિનભાઈ પંડયા પાંડેસરા જી.આઈ.ડી.સી.,ભેસ્તાન :– **8,000/-**

૨) કાલુરામ જૈન પાંડેસરા જી.આઈ.ડી.સી.,ભેસ્તાન :– **6,000/-**

૩) એસ.એસ.ટ્રેડીંગ,રોડ નં.૩,ઉધના :– **2,000/-**

૪) એમ.પી.કોર્પોરેશન,રોડ નં.૫,ઉધના :– **1,000/-**

૫) લવલી ટેક્ષટાઈલ,વડોદ :– **1,000/-**

**બાંધકામ:–**

૧) ગોલ્ડન પાર્ક રેસી.,ઉન :– **2,000/-**

**અન્ય:–**

૧) સાઉથ ઝોન(ઉધના)ના તમામ વિસ્તારમાં ઈન્ટ્રાડોમેસ્ટિક સર્વે અને પેરાડોમેસ્ટિક સર્વેની કામગીરી દરમ્યાન મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના માટે જવાબદાર ઈસમો :– **18,500/-**

આ ઉપરાંત અત્રેના ઝોન વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન ઈન્ટ્રાડોમેસ્ટિક સર્વે અને પેરાડોમેસ્ટિક સર્વેની કામગીરી દરમ્યાન મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની શકયતા માટે જવાબદાર ઈસમોને **145** જેટલી આરોગ્ય સંબંધી નોટીસ આપવામાં આવેલ તેમજ મોસ્કયુટો બ્રિડિંગ મળી આવેલ/બ્રિડિંગ થવાની શકયતાવાળા કુલ **575** જેટલા વપરાશી/ બિનવપરાશી કન્ટેનરો જપ્ત કરવામાં આવ્યા.

TOP

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૫/૧૦/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૬૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩૮,૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૧૦૮૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૮૭૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૬૨ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૫૬ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે **રૂા.૩૮,૮૯,૦૮૮/–** વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી **રૂા.૯,૩૯,૭૪૫/–** વસુલ કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા અંગે ૩૧૦ સંસ્થાઓની ચકાસણી કરવામાં આવી છે. અને વ્યવસાય વેરો ન ભરવા સબબ ૧૦૩ સંસ્થાઓને નોટીસ આપવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની અરજી **૧૧૦** મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે **રૂા.૩,૧૪,૧૩૯/–** ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી **રૂા.૬૦,૩૦૦/–** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૧ લારી જપ્ત કરવામાં આવેલ છે.

તા.૧૩/૧૦/૨૦૧૪ થી તા.૧૮/૧૦/૨૦૧૪ સુધી કોર્મશીયલ / દુકાનોનુ ચેકીંગ હાથ ધરી, ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહી તેની ચકાસણી કરવાની ઝુંબેશ પૈકી આજરોજ તા.૧૫/૧૦/૨૦૧૪ નાં રોજ સાંજના તેમજ તા.૧૬/૧૦/૨૦૧૪ ના રોજ સવારના સમય દરમ્યાન આંબાતલાવડીથી લલિતા ચોકડી, રત્નમાલા થી લંકાવિજય ઓવારો થી માલયાવાડ, રાશિચક્રથી પાળા સુધી, બાળાશ્રમ થી મહેતા પેટ્રોલપંપ તેમજ વસ્તાદેવડી રોડ, કતારગામ ગામતળ નો સમગ્ર વિસ્તાર, રાશિ સર્કલથી લલિતા ચોકડી, ધનમોરા ચાર રસ્તાથી લાઈબ્રેરીનો સમગ્ર વિસ્તાર, માધવાનંદ ચાર રસ્તાથી ભીખાભાઈ કોપ્લેક્ષ, નારાયણ માર્કેટ તથા હળપતિ વાસની આજુ બાજુની આંતરિક ગલીઓ, રણછોડજી પાર્ક સોસા. વિભાગ–૧ અને ૨ તેમજ લલીતાપાર્ક સોસા.અને નારાયણ શાકમાર્કેટનો સમગ્ર વિસ્તારમાં ડસ્ટબીન ન રાખેલ / ગંદકી કરનાર સંસ્થાઓનું ૨૩ ટીમો દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવેલ જેમાં આરોગ્ય વિભાગ દ્વારા **૧૧૮૪ સંસ્થાઓનુ ચેકીંગ કરી તે પૈકી ૮૯૦ સંસ્થાઓને નોટીસ આપવામાં આવેલ. ૩૪૪ સંસ્થામાં ડસ્ટબીન ન માલમ પડતાં સ્થળ પર રૂા.૫૮,૮૦૦/–** વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

TOP

૬૧૪

પૂર્વ ઝોન (વરાછા) વિસ્તારમાં સમાવિષ્ટ શકિતવિજય ઝુંપડપટ્ટીના માન્ય યાદીના ૧૩ તથા નરસિંહ મંદિરની ચાલ ઝુંપડપટ્ટીની માન્ય યાદીના–૦૭ લાભાર્થીઓ મળી કુલ–૨૦ લાભાર્થીઓને ટી.પી. સ્કીમ નં. ૭ (વેસુ) ફા.પ્લોટ નં. ૧૨૫,(૧૭ લાભાર્થીઓને), ટી.પી.સ્કીમ નં. ૬૯ (ગોડાદરા–ડીંડોલી) ફા.પ્લોટ નં. ૧૮૩, આર–૯(૨ લાભાર્થીઓને), તથા ટી.પી. ૫૪ (ભેસ્તાન) ફા.પ્લોટ નં. ૧/એ(૧ લાભાર્થીને) ખાતેના સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા JnNURM-BSUP અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૧૬.૧૦.૨૦૧૪ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે વરાછા ઝોન ઓફીસ ખાતે વરાછા ઝોનના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની તેમજ સ્થાનિક મ્યુ. સભ્યશ્રીમતી છાયાબેન આર. ભુવાની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉંચુ લાવી શકાશે.

TOP

ઉધના ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ દસ્તગીરનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૧૧, ગુલશનનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૪, રણછોડરાયનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૩, રણછોડનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૨, રામનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૧ તથા પંચશીલનગર–૨ ના માન્ય યાદીના–૧૯ લાભાર્થીઓ મળી કુલ – ૪૦ લાભાર્થીઓને ટી.પી. ૫૪ (ભેસ્તાન) ફા.પ્લોટ નં. ૧/એ (૧૧ લાભાર્થીઓને), વડોદ રે.સ.નં. ૩૧/૧ (૧૦ લાભાર્થીઓને) તથા વડોદ રે.સ.નં. ૧૨ (૧૯ લાભાર્થીઓને) ખાતેના સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા JnNURM-BSUP અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૧૫.૧૦.૨૦૧૪ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે ઉધના ઝોન, દબાણ ડેપો ખાતે ઉધના ઝોનના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની તેમજ સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરપર્સન શ્રીમતિ મીતાબેન અનિલભાઈ ચૌહાણની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉંચુ લાવી શકાશે.

**<u>(૪) વેસ્ટ (રાંદેર) ઝોન</u>**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** જીલાની કોમ્પ. થી ધબકાર થઈ નવયુગ કોલેજ સુધી, મહાન ટેરેસ થી ધબકાર સર્કલ સુધી, ભુલકા ભવન થી હજીરા નાકા, સ્ટાર બજાર થી ટી.જી.બી. રોડ, ચોકસીવાડી થી અજરામર ચોક થઈ સ્પોર્ટસ કલબ થઈ શ્રી રામ પેટ્રોલ પંપ સુધી, આત્મન પાર્ક થી "એન માર્ટ" સુધી, સોના હોટલ થી કોટયર્ક નગર, બેજનવાલા, સત્યમ, કોઝવે રોડ, ન્યુઝ એવન્યુ, સહજ રોડ, હિન્દુ સેવા સમિતિ ઝોન કચેરી રોડ, સરદાર બ્રીજ થી સરિતા સંકુલ થી મકકાઈ પુલ થી શીતલ ટોકીઝ, પાલનપુર એસ.બી.આઈ. થી વેસ્ટનસીટી સાંઈરચના રાજઆર્કેડ, પાલનપુર પાટિયાથી પીરામીડ માર્બલ કોઠારી રોડ, આંબેડકર નગર રોડ, રામ નગર માર્કેટ રોડ, ભેંસાણરોડ, પીરામીડ રોડ, દાંડી રોડ, રાંદેર ગામ, નાઈનસ્કેવર એપાર્ટ.ની આજુ બાજુનો વિસ્તાર, કૃષ્ણકુજ ઓફિસ થી સુરભી ડેરી થી ફ્રેન્ડસ કલાસ સુધી, હની પાર્ક વિગેરે વિસ્તારો મળી ૨૭૦૮ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૨૩૬૫ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હતી. જયારે ૩૪૩ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હતી. આ કામગીરી દરમ્યાન કુલ રૂા.૩૮,૧૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

**<u>(૫) સેન્ટ્રઝોન</u>**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** કનકનીધી કોમ્પલેક્ષ, ગાંધીબાગ જુની સીવીલ હોસ્પિ., અમ્પાયર સ્ટેટ બિલ્ડીંગ, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, આઈ.ટી.સી. મજુરાગેટ, રાજેશ્રી રોડ, ટાવર થી ઝાંપા બજાર થઈ સળીયાવાળી માર્કેટ સુધી, રૂપમ ટોકીઝ મોરચા સર્કલ સુધી, ટાવર રોડ, ઝાંપા બજાર મેઈન રોડ ચોકી શેરી સુધી, ગોળવાળા ચકલા હરીપુરા પીરછડી રોડ, ગલેમંડી રોડ, વેડ દરવાજા મેઈન રોડ, હોડી બંગલા ચારરસ્તા, મોતી રાઘવજી કંપાઉન્ડ, રામજી મંદિર થી દેના ટ્રેડર્સ, ઉનાપાણી રોડ, ગોપીપુરા મેઈન રોડ, બરાનપુરી ભાગળ રાજમાર્ગ, ચૌટા બજાર, વરીયાવી બજાર મેઈન રોડ, શાહપોર ચિંતામણી રોડ, માર્કેટ વિસ્તારો મળી ૧૯૮૪ સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૧૮૦૯ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનું તથા ૧૭૫ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હોવાનું જણાયેલ. આ કામગીરી દરમ્યાન કુલ રૂા.૩૫,૪૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

**<u>(૬) સાઉથ (ઉધના) ઝોન</u>**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** ઓમાકાજીની વાડી ખટોદરા, સુમન દેસાઈની વાડી, રોડ નં."૦" આદર્શ માર્કેટ, રોડ નં.–૮ ને ૯, ઉધના સ્ટેશન રોડ, ઉદ્યોગ દર્શન, ગાયત્રી સોસા., દાઉદ નગર રોડ, યશ કોમ્પલેક્ષ, સત્યનગર સામે, શકિત નગર ઓ. મેઈન રોડ, હરીનગર, રામ નગર, વિજયાનગર, ચીકુવાડી મેઈન રોડ, બમરોલી, હેલ્થ સેન્ટર રોડ, ભેસ્તાન EWS આવાસ, હેડગેવાર થી પિયુષ ૧૨૦ ફુટ રોડ, બમરોલી વોર્ડ ઓફિસ રોડ, સ્ટેશન રોડ, ઉન ગામ તળ મેઈન રોડ, સુરત નવસારી સચીન નાકા, જગન્નાથ નગર, વિકાસ નગર, શ્રીરામ નગર વિગેરે વિસ્તારો મળી કુલ ૨૩૭૭ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૧૯૮૬ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનું તથા ૨૦૬ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં ન આવેલ હોવાનું જણાયેલ, આ ઉપરંત કુલ ૧૮૫ દુકાનો બંધ જણાયેલ. આ સમગ્ર કામગીરી દરમ્યાન કુલ રૂા.૨૯,૮૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

**<u>(૭) ઈસ્ટ (વરાછા) ઝોન</u>**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** મગોબ નહેર થી ઓફિસ સુધી, પુણા ઓફિસ થી સી.પી.ઓ. માર્કેટ શાંતિનગર, સીતાનગર થી ઓફિસ, ભગતી સોસા. થી યોગી ચોક, ચીકુવાડી થી મંગલદીપ ખાડી થઈ આજુ બાજુનો વિસ્તાર સરથાણા મેઈન રોડ, વિરાટ સોસા. થી સમ્રાટ સોસા. સુધી, નિલકંઠ સોસા. થી ગોપાલ શુઝ સુધી, ન્યુ બોમ્બે માર્કેટ થી પરવટ પાટીયા રોડ, સબરસ ગરનાળા

થી વસંતભીખાની વાડી તેમજ એફિલ ટાવર, મહાદેવ નગર (વાસુદેવ બિલ્ડીંગ) ના નાકે થી ગોકુલ ડાયમંડ, મંગલદીપ કો. સેન્ટ્રલ બજાર, અંબર એપા.,મીની બજાર સુધી, સેન્ટ્રલ ેર હાઉસ રોડ, સાધના, વરાછા પી. એસ., રત્ન સાગર એપા. તેમજ આજુ બાજુનો વિસ્તાર, રામનગર રોડ, સૌરાષ્ટ્ર સોસા. સામે કન્ટેનર સુધી, ઠાકોરદ્વાર થી રામનગર રોડ સુધી, પેટ્રોલ પંપની સામેની બાજુ થી રિલાયન્સ મોલ, રામદેવ પીર નગર તથા આજુ બાજુનો વિસ્તાર, હીરાબાગ સર્કલ થી શ્રીરામ નગરસુધીનો વિસ્તાર, શ્રેયસ સ્કુલ થી આનંદ નગર ચાર રસ્તા સુધી, લાભેશ્વર થી વર્ષા ટર્નીંગ સુધીના વિસ્તારો મળી ૨૯૪૪ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૨૫૯૬ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હતી. જયારે ૩૪૮ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હતી. આ કામગીરી દરમ્યાન કુલ રૂા.૩૫,૫૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

આમ, તા.૧૪/૧૦/૨૦૧૪ (સાંજે ૫:૦૦ થી ૭:૦૦) અને તા.૧૫/૧૦/૧૪ (સવારે ૧૧:૦૦ થી ૧:૦૦) સુધીની કામગીરી દરમ્યાન, તમામ ઝોન મળી ૧૬,૫૫૦ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૧૪,૨૨૮ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનુ અને ૨,૧૩૭ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન ન મુકવામાં આવેલ હોવાનું જણાયેલ. આ સમગ્ર કામગીરી દરમ્યાન કુલ રૂા.૨,૯૨,૪૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. જે પૈકી બાયોમેડીકલ વેસ્ટના અયોગ્ય નિકાલ બદલ સાઉથ–ઈસ્ટઝોનમાં આવેલ અમૃત કલીનીક (ભગવતી નગરસામે, સાંઈબાબાના મંદિર રોડ, પરવટ) પાસેથી રૂા.૫,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો.

TOP

# ખેલ મહાકુંભ–૨૦૧૪

## તા.૦૫/૧૦/૨૦૧૪ થી તા.૧૬/૧૦/૨૦૧૪

સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર પ્રેરિત સુરત મહાનગરપાલિકાના અને જિલ્લા રમત ગમત સુરત શહેરના સંયુકત ઉપક્રમે ''ખેલ મહાકુંભ ૨૦૧૪''નું આયોજન તા.૦૪/૧૦/૨૦૧૪ થી તા.૨૨/૧૧/૨૦૧૪ દરમ્યાન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૧૨/૧૦/૨૦૧૪ થી તા.૧૫/૧૦/૨૦૧૪ દરમ્યાન નગર પ્રાથમિક શાળા નં.૮,૯, મજુરાગેટ, સુરત ખાતે રમાયેલ સ્પેશ્યલ ખેલમહાકુંભ–૨૦૧૪ની ફિઝીકલ હેન્ડીકેપ, બ્લાઈન્ડ અને સ્પેશ્યલ ઓલિમ્પીકસના ખેલાડીઓનો રમતોત્સવમાં ૧૨૦૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ રમતોના ખેલાડીઓને મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ ઉપસ્થિત રહી તેઓનો ઉત્સાહ વધાર્યો હતો. આજરોજ તા.૧૬/૧૦/૨૦૧૪ના રોજ કૃષ્ણકુંજ પાર્ટીપ્લોટ, અઠવાલાઈન્સ, સુરત ખાતે કબડ્ડીની શહેર કક્ષાની રમતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો શુભારંભ સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહએ મ્યુનિ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, શાસકપક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિંદલની ઉપસ્થિતિમાં બન્ને ટીમના કેપ્ટન વચ્ચે ટોસ ઉછાળી કરાવ્યો હતો. તે પહેલાં ચીફ રેફરીએ બન્ને ટીમના ખેલાડીઓની ઓળખવિધિ ઉપસ્થિત મહાનુભાવોએ કરાવી હતી. તા.૧૬/૧૦/૨૦૧૪ના રોજ સુંવાલીબીચ ખાતે જીલ્લા તેમજ શહેરની બીચ વોલીબોલ, બીચ ક્રિકેટ અને બીચ ફુટબોલ સ્પર્ધાનું પણ આયોજન થયું હતું. આ બન્ને સ્પર્ધામાં ૨૦૦થી વધુ સ્પર્ધકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. આમ સુરત શહેર અને જીલ્લામાં વોર્ડ કક્ષા તથા શહેર કક્ષાની સીધી રમતો આજરોજ પૂર્ણ થઈ હતી. ખેલમહાકુંભ–૨૦૧૪ અંતર્ગત દરેક રમતોની સેમી ફાઈનલ તથા ફાઈનલ સ્પર્ધાઓ દિવાળી બાદ તા.૧૪/૧૧/૨૦૧૪ થી તા.૨૨/૧૧/૨૦૧૪ દરમ્યાન નિર્ધારિત સ્થળોએ સમગ્ર રાજયમાં યોજાશે.

TOP

૬૧૭

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૩, પારસી શેરી, સુરત ખાતે આવેલ મિલ્કત નોંધ નં.૧૪૬/એ–બી,૧૪૭,૧૪૮,૧૮૧ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૨૮/૦૬/૧૩ થી ભોંયતળીયા + બેઝમેન્ટ + પાંચ માળની વિકાસ પરવાનગી આપવામાં આવેલ, જે અન્વયે મિલ્કતદાર શ્રી ગીતાબેન મહેન્દ્રભાઈ શાહ વિગેરે ધ્વારા ઉપરોકત મેળવેલ રજાચીઠ્ઠી વિરુધ્ધનું બાંધકામ કરવામાં આવતાં અત્રેથી તા.૨૨/૧૧/૧૩ થી ગેરકાયદેસર બાંધકામ અંગે નોટીસ પાઠવવામાં આવેલ. જેનો અમલ મિલ્કતદાર ધ્વારા કરવામાં ન આવતાં તા.૧૬/૧૦/૧૪ ના રોજ બેઝમેન્ટમાં આશરે ૨૪૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ બાંધકામ અત્રેથી તોડી પાર્કીંગ ખુલ્લું કરવામાં આવેલ છે. જેના વહીવટી ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા જાહેર આરોગ્ય વિભાગ

## "સ્વચ્છ ભારત અભિયાન"

## તા.૧૫/૧૦/૧૪ (સાંજે ૫:૦૦ થી ૭:૦૦) અને તા.૧૬/૧૦/૧૪ (સવારે ૧૧:૦૦ થી ૧:૦૦) સુધીની કામગીરી

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહરે માર્ગ ઉપર સરેઆમ કચરો ફેંકતા હોવાનું ધ્યાને આવેલ છે. જેથી "સ્વચ્છ સુરત, સુંદર સુરત" ની છબી બગડવા ન પામે તે હેતુસર, "સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત આગામી તા.૧૩ ઓકટોબર ૨૦૧૪ થી ૧૮ ઓકટોબર ૨૦૧૪ સુધીના સમયગાળા દરમ્યાન સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ હાથ ધરી ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહીં? તે અંગેની દિવાળી પહેલાંની પ્રથમ તબકકાની ચકાસણી કરવાની ઝુંબેશ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ છે. જે અન્વયે **તા.૧૫/૧૦/૨૦૧૪ (સાંજે ૫:૦૦ થી ૭:૦૦) અને તા.૧૬/૧૦/૧૪ (સવારે ૧૧:૦૦ થી ૧:૦૦)** સુધી શહેરના તમામ ઝોન મળી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

**(૧) સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** રંગીલા પાર્ક, જુનો ઘોડદોડ રોડ, વેસ્ટફીલ શોપીંગ સેન્ટર,ગોકુલ રો હાઉસ, અમૃતા હોસ્પિ., ઉમાભવન રોડ, ગૌરવ પથ, સાંઈ મંદિરથી આર્શીવાદ ફાર્મ રોડ, ગ્લેમર કોમ્પ., લક્ષ્મીવિલા શોપીંગ, યુ.પી.નગર, EWS પનાસ, બ્રેડ લાઈનરથી એલ. બી. ભટાર રોડ, ભીમરાડ કેનાલ રોડ, વી.આઈ.પી. રોડ, ભીમરાડ પેટ્રોલ પંપની પાછળ, ઓ.એન.જી.સી. બ્રીજ વિગેરે વિસ્તારો મળી કુલ ૧૫૮૭ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૧૫૨૩ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનું તથા ૬૪ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હોવાનું જણાયેલ. આ કામગીરી દરમ્યાન રૂા.૬,૮૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

**(૨) નોર્થ (કતારગામ) ઝોન**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** આંબા તલાવડી થી લલિતાચોક, રાદરીયા સ્કુલ, આંબાતલાવડી થી રત્નમાલા થી લંકા વિજય ઓવારો થી માલયાવાડ અને જનતા નગર, રાશિચક્ર થી પાળા સુધી, અંકુર વિદ્યાલય, ગુજરાતી ચોક, હાથીવાલા મંદિર રોડ, બાળાશ્રમ થી મહેતા પેટ્રોલ પંપ રોડ, વસ્તાદેવી રોડ, વાલા વાડી ઈન્ડ., પોસ્ટ ઓફિસ રોડ, કાંસા નગર સ્ટાફ કવાર્ટસથી મહાદેવ ફળીયા, ગાંધી ચોક થઈ મસ્જીદ મહોલ્લોન ચોરા સુધી, કંતારેશ્વર થી મોચીવાડ અને પટેલ ફળિયું, ડેરી ફળિયું, મીનાક્ષીવાડી ન.પ્રા.શા. થી ગજેરા સ્કુલ સર્કલ, રામનગર થી રાશિચક્ર, બાપા સીતારામ ચાક, મગનનગર–૧–૨, શાકમાર્કેટ થી ધનમોરા, લાયબ્રેરી સર્કલ, સમસ્ત નારાયણ નગરના આંતરિક રોડ, માધવાનંદ ચારરસ્તા થી ભીખાભાઈ કોમ્પ. થી ડી.કે.નગર, ગોપીનાથ સોસા., નારાયણ માર્કેટ તથા હળપતિવાસની આજુબાજુ, કંતારેશ્વર મંદિરના પાછળના ભાગે, પાંતી નગર થઈ મગન નગર થી લલીતા ચોકડી, નિલકંઠ સોસા., વિ–૧, વિ–૨, સંતોષી નગર સોસા., નંદનવન સોસા., શીવ નગર, સોસા., પંચ મહાદેવ સોસા., રણછોડજી પાર્ક સોસા. વિ–૧ અને ૨, ભાવના સોસા., પંચવટી સોસા. વિગરે વિસ્તારો મળી કુલ ૧૧૮૪ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૮૪૦ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનું તથા ૩૪૪ દુકાનો / સંસ્થાઓમાં ડસ્બીન મુકવામાં ન આવેલ હોવાનું જણાયેલ. આ કામગીરી દરમ્યાન કુલ રૂા.૫૮,૮૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

**(૩) સાઉથ–ઈસ્ટ (લિંબાયત) ઝોન**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** ઉમરવાડા(૧)– આપેશ્વરની સામેથી માનસરોવર થઈ ન્યુ આર્શીવાદ પાર્ક, માનવ પરીવારથી પુષ્પા નગર રોડ થઈ અમન નગર–૧ના નાકે, ઉમરવાડા (૨) – સુરત ટેક્ષટાઈલ્સ માર્કેટ, રાધે માર્કેટ સાલાસર રોડ સુધી, મીઠી ખાડી – લીલીયાવાડા ખાડી પુલથી શિવાજી નગર વી.આઈ.પી. રોડ સુધી અને વોર્ડ ઓફિસ થી મઝદા પાર્ક વી.આઈ.પી. રોડ સુધી, લિંબાયત – વિકાસ રોડ છોટુ મંડપ થી સુભાષ સર્કલ થી કાકા કાલેલકર સર્કલ, ઉધના યાર્ડ – નિલગીરી સર્કલ થી ઉધના યાર્ડ રેલ્વે ગરનાળા સુધી, હરીઓમ ચોક થી મંલગ પાંડે હોલ સુધી, ડિંડોલી (૧) – નહેર ચાર રસ્તા થી સી.એન.જી. પેટ્રલ પંપ નંદનવન રોડ ખાડી સુધી, કૈલાશ નગર, નંદનવન રોડ, શીવ સાંઈનગર, સાંઈબાબાનગર અને ગાયત્રીનગર, બીલયાનગર થી અંબિકા પાર્ક, ગૃહલક્ષ્મી, અશ્વિની પાર્ક, ડિંડોલી (૨) – સી.આર.પાટીલ જુનો રોડ, ખાડી બ્રીજ થી ખરવાસા રોડ સુધી, ગોડાદરા – રામજી મંદિર ચાર રસ્તા થી હનુમાન મંદિર, થી દેવધ રોડ, આંબાવાડીથી હનુમાન ચારરસ્તા જે.પી.નગર, સુપર સિનેમા સામે કૈલાશ નગર, કલ્પનાનગર સોસા., ગોડાદરા રેલ્વે ટ્રેક રોડ, સી.એન.જી. રોડ અને ઋષિનગર પરવટ – ગુ.હા.બોર્ડ સાંઈ બાબા મંદિર સુધી, બજરંગ નગર થી ઈશ્વર નગર સુધીના વિસ્તારો મળી ૨૬૯૬ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૨૧૧૭ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ

હતી. જયારે ૫૭૯ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં ન આવેલ હોવાનું ધ્યાને આવેલ. આ કામગીરી દરમ્યાન કુલ રૂા.૫૩,૮૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

**(૪) વેસ્ટ (રાંદેર) ઝોન**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** ભુલકા ભવન થી હજીરા નાકા રોડ, સ્ટાર બજાર થી ટી.જી.બી. રોડ, બદ્રીનારાયણ રોડ, અજરામર ચોક થી સ્પોર્ટસ કોમ્પ., શ્રીરામ પેટ્રોલપંપ ભુલકાભવન રોડ, સત્યમ એપાર્ટ. શીવમ એપાર્ટ., મહર્ષી એપાર્ટ., સોના હોટલ થી પીપરડીવાલા, પાલનપુર જકાતનાકા પ્રશાંત સોસા., મંગલદીપ સોસા., ઓમ એપાર્ટ. મીનીવીરપુર, આભૂષણ રોડ, સોલીટેર, બિઝનેસ પ્લાઝા, નક્ષત્ર વ્યુ., સાંઈવીલા, રામનગર મેઈન રોડ, ગુજરાત હા.બોર્ડ મેઈનરોડ, ખોડીયાર કોમ્પ. થી નહેર રોડ, ઝુલેલાલ મંદિર મેઈન રોડ તથા બંને બાજુની ગલીઓ, ડો.પાર્ક રોડ, વરીયાવ રોડ, જીન સર્કલ, દાંડી રોડ, લક્ષ્મીવાડી રોડ, તીનબત્તી થી હનુમાન ટેકરી, અંબાજી ચકલા થી ભાણકી સ્ટેડીયમ ફાયર સ્ટેશન, તીનબત્તી થી રાંદેર પીપલ્સ બેંક, રાંદેર પીપલ્સ થી બંબાગેટ પીપરડીવાળા થી સોના હોટલ, શંકરનગર અમરીન પાર્ક, પીનલ રો હાઉસ રોડ, અયોધ્યા નગરી આજુ–બાજુની ગલીઓ, ગાયત્રી સ્ટોર થી ટેકરાવાલા સ્કુલથી ગેઈલ ટાવરની સામેના વિસ્તારો મળી ૧૧૭૧ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૧૦૪૧ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હતી. જયારે ૧૩૦ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હતી. આ કામગીરી દરમ્યાન કુલ રૂા.૧૩,૬૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

**(૫) સેન્ટ્રલઝોન**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** લાલભાઈ કોન્ટ્રાકટર બિલ્ડીંગ નાનપુરા, કાજીનું મેદાન, તીનબત્તી, મોમના વાડ ત્રણ રસ્તા, ધોબીશેરી, ગોપીપુરા વ્હોરાવાડ હનુમાન ચારરસ્તા, સગરામપુરા, તલવાડી રોડ, ઝાંપાબજાર મેઈનરોડ, સલાબતપુરા મેઈનરોડ , મોતી ટોકીઝ મેઈનરોડ, હરીપુરા મેઈનરોડ, મહિધરપુરા અર્બન રોડ, ગુંજન એપા., ચોકીશેરી મેઈનરોડ, રેલ્વે સ્ટેશન વિસ્તાર, ડી.કે.એમ. ચારરસ્તા, વાડી ફળિયા મેઈનરોડ, ચૌટા બજાર, નાણાવટ મેઈનરોડ, લાલગેટ બદરી થી બાબુ સ્વીટ સુધીના વિસ્તારો મળી ૨૧૦૬ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૧૮૭૩ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનું તથા ૨૩૩ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હોવાનું જણાયેલ. આ કામગીરી દરમ્યાન કુલ રૂા.૩૦,૮૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

**(૬) સાઉથ (ઉધના) ઝોન**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** *સીટી સેન્ટર ખટોદરા, યુ.ટી.સી.બિલ્ડીંગ, ઉધના–નવસારી મેઈન રોડ, ૮૦ ફુટ મેઈન રોડ, ભેસ્તાન EWS આવાસ, આશાપુરી માર્કેટ, અલથાણ તરફનો રોડ, ઈન્દીરા આવાસ, આર્શીવાદનગર,વડોદ,સોસીયો સર્કલ,સીટી સેન્ટર કોમ્પ્યુ.,ખટોદરા ગુ.હા.બોર્ડ, વિજયાનગર, ૧૨૦ બમરોલી રોડ, દક્ષેશ્વર મેઈન રોડ, સિધ્ધાર્થ નગર, ભેસ્તાન, ભીંડી બજાર નહેરનાકા મેઈન રોડ, તીરૂપતિનગર,* વિસ્તારો મળી કુલ ૨૫૭૭ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૨૧૦૨ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનું તથા ૧૫૧ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં ન આવેલ હોવાનું જણાયેલ, આ ઉપરાંત કુલ ૩૨૪ દુકાનો બંધ જણાયેલ. આ સમગ્ર કામગીરી દરમ્યાન કુલ રૂા.૨૩,૪૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

**(૭) ઈસ્ટ (વરાછા) ઝોન**

***કામગીરી કરવામાં આવેલ વિસ્તારો / સંસ્થા :*** મગોબ નહેરથી સીતાનગર ચાર રસ્તા, પુણા ઓફિસથી નાલંદા થઈ ભગવતી, બુટ ભવાની સોસા.થી નાલંદા તેમજ આજુબાજુનો વિસ્તાર, યોગીચોકથી બી.આર.ટી.એસ. સુધી, નટવર નગર થી સવજી કોરાટ બ્રીજ, સરદાર પટેલ મેઈન રોડ, ગોપાલ સર્કલ થી રચના સર્કલ સુધી, ભરતનગર અને ઘનશ્યામ નગર સોસા., સંખેશ્વર કો.પરવટ પાટીયાથી અર્ચના સ્કુલ સુધી) વસંતભીખની વાડી થી નવજીવન મોટર્સ, પંચવટી એપા. થઈ મીની એમ.કે.ચેમ્બર્સ થઈ વૈશાલી વડાપાઉ થઈ ડાયમંડ વર્લ્ડ સુધી, ઉમીયા મંદિર થી શીતલ બેકરી થઈ કોહીનુર રોડ સુધી, ખોડીયાર નગર, રામનગર થી ઝોન ઓફિસ સુધી, રિલાયન્સ મોલ થી બરોડા બજાર સુધી, શ્રીરામનગર થી વિઠ્ઠલનગર થી ડેરીડોન સુધી, વલભાચાર્ય રોડ તેમજ પુર્વી રોડ, ભગુનગર થી વર્ષાજો ઉભો રોડ વિગેરે વિસ્તારો મળી ૩૦૬૧ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૨૭૩૧ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હતી. જયારે ૩૩૦ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હતી. આ કામગીરી દરમ્યાન કુલ રૂા.૩૨,૪૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

તા.૧૫/૧૦/૨૦૧૪ (સાંજે ૫:૦૦ થી ૭:૦૦) અને તા.૧૬/૧૦/૧૪ (સવારે ૧૧:૦૦ થી ૧:૦૦) સુધીની કામગીરી દરમ્યાન, તમામ ઝોન મળી ૧૪,૩૮૨ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે પૈકી ૧૨,૨૨૭ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનુ અને૧,૮૩૧ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન ન મુકવામાં આવેલ હોવાનું જણાયેલ. આ સમગ્ર કામગીરી દરમ્યાન કુલ રૂા.૨,૧૯,૭૫૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

વધુમાં, તા.૧૩/૧૦/૨૦૧૪ થી આજદિન સુધીમાં કરવામાં આવેલ કામગીરી દરમ્યાન, તમામ ઝોન મળી કુલ ૮,૬૦૯ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં ન આવેલ હોવાનું જણાયેલ. તેમજ સમગ્ર કામગીરી દરમ્યાન કુલ રૂા.૧૧,૩૭,૪૫૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

TOP